'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર અર્હંનો અપૂર્વ મહિમા

॥ ૪ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

'अर्हं' એટલે अ થી ह પર્યંત વર્ણમાતૃકાનું ધ્યાન.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર અર્હંનો અપૂર્વ મહિમા

|| ૪ ||




**પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ

'अर्हं' એટલે अ થી ह પર્યંત વર્ણમાતૃકાનું ધ્યાન.

☐ **PARAM BHADRANKAR ARHAM NO APURVA MAHIMA**

Personal Diaries comprising of Divine thoughts regarding Bijakshar Arham
by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

☐ **VOLUME - 4 / 7**

Year 2024 • સંવત્ ૨૦૮૦ • 500 Copies / 120 Pages • For Private Circulation only.

---

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot

team@mindfiesta.com

---

☐ **SPONSOR**

Smt. Jayaben Chunilal Dodhiya (Parasbhai)
Halar | London

---

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra




હા... આનંદનો ઝરો ઉભરાયો છે. ફકત અને ફકત બે જ બીજાક્ષર 'અર્હં' ઉપરનું ચિંતન ૨૨૪ રોજનીશીઓના અર્ક રૂપે જેમ-જેમ વાગોળાય છે, તેમ-તેમ અનુપમ મીઠાશ અનુભવાય છે. અર્હંનો સનાતન ધ્વનિ વિશ્વમાં ચાલી રહ્યો છે, તેને નમન.

**આ અર્હંનું ધ્યાન શું કરે છે?** અર્હંનું ધ્યાન ચૌદ રાજલોકમાંથી અર્હંરૂપે જ પ્રતિધ્વનિત થઈને પાછું ફરે છે અને સ્થળ-કાળથી સીમિત સાધકના અહંનો ભ્રમ ભાંગે છે. 'I am universal. No, I am universe' એવી પ્રતીતિ કરાવે છે. પછી સાધક વિશ્વચૈતન્ય એવા અર્હંમાં પોતાની જાતને વિલીન કરી, સત્-ચિત્-આનંદમાં નિમગ્ન બને છે. નવકારનો દીર્ઘકાળનો જપ અર્હંના ધ્યાનની યોગ્યતા વિકસાવે છે. નમો અને અર્હં ધ્વનિ-પ્રતિધ્વનિરૂપ બની જાય છે. નમો એ cosmic laboratory છે, જ્યાં અર્હંના પરમ રહસ્યો પામી શકાય છે. અર્હં તો વિજ્ઞાનોનું પરમ વિજ્ઞાન, કળાઓની પરમ કળા અને શક્તિઓનો પરમ શક્તિસ્રોત છે.

મંત્રના આ ભાગમાં અર્હં મંત્રાક્ષરના અનુપમ ભાવોને આપણા સુધી સ્પર્શાવનારા લંડનસ્થિત શ્રીજયાબેન ચુનીલાલ દોઢિયા પરિવારના પરમગુરૂભકતશ્રી **પારસભાઈનું** અર્થસારથીપણું અને રાજકોટના અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ના પ્રીતિપરિશ્રમનો પ્રકટ અંશ એટલે જ આ ગ્રંથ - પરમ ભદ્રંકર અર્હં મંત્રાક્ષરનો મહિમા.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભવિ.

Namo Arihantanam

Namo Siddhanam

Namo ayariyanam

Namo Uvajjhayanam

Namo Loe Savvasahunam

Eso Pancha-Namukkaro

Savvapavappanasano

Mangalanam cha Savvesim

Padhamam Havai Mangalam

: આજે ધ્યાનકાળે આ સ્ફુરણા થઈ છે :

લોચના પ્રારંભથી જ

મન 'અર્હં'ના ધ્યાનમાં એકાગ્ર બનવા લાગ્યું હતું.

જેમ જેમ એકાગ્રતા વધતી ગઈ,

તેમ તેમ અપૂર્વ સંવેદનો થતાં ગયાં... જેવા કે

અનાહત ધ્વનિ, શ્રવણ, જ્યોતિ, લય,

આત્મપ્રદેશોના સ્પંદનો આદિ અનુભવાયા અને તેથી

અપૂર્વ આનંદ, શીતળતા તથા સમાધિ દશા અનુભવાઈ.

ચારિત્રને ગ્રહણ કરતી વખતે સર્વ તીર્થંકર ભગવંતો

પણ પંચમુષ્ટિ લોચ કરતાં હતા, તેથી સહજ અનુમાન

થઈ શકે છે કે સ્વભાવરમણતારૂપ ભાવચારિત્રમાં

લોચની ક્રિયા બ્રહ્મરન્ધ્રના ઉદ્ઘાટન કરવામાં

પરમ સહકાર આપનાર થતી હશે.

સૂક્ષ્મ આત્મપ્રદેશોનું ભાન જાગૃત કરાવવામાં

તેની પરમ ઉપયોગિતા હોવાથી

સાધુજીવનમાં લોચ એ આવશ્યક કર્મ મનાયું હશે.

# કામધેનુરૂપ અર્હં પદ

'અક્ષર' શબ્દના તત્વ, ધ્યેય, ફળ અને વર્ણ-
એ ચારે અર્થ 'અર્હં' પદમાં ઘટે છે.
(I) અર્હં એ તત્વ છે. (II) અર્હં એ ધ્યેય છે.
(III) અર્હં એ ફળ છે. (IV) અર્હં એ વર્ણ છે.
અર્હં પદમાં અ થી હ પર્યંતની માતૃકાનું ધ્યાન છે,
તેથી ત્રિકાલવિષયક બોધ થાય છે. અહંનાશ કરવાને
મંત્રની વચ્ચે અગ્નિબીજ 'ર' મૂકવામાં આવ્યું છે.

સરાગ ચારિત્રથી વીતરાગ ચારિત્ર થાય છે.

કેવળ વર્ણ એ પોતાની ક્રિયા કરી શકતો ન હોવાથી
અથવા 'શક્તિ' એકલી હોય, તો એનો જાપ ફળીભૂત
થતો નથી. પરિકર - પરિવાર એટલે કે 'ૐ હ્રીં નમઃ'
સહિતનો વર્ણ મંત્ર થાય છે. તે મંત્ર બાહ્ય અને
અભ્યંતર - બે ભેદવાળો છે. મંડલ - મુદ્રાદિ બાહ્ય છે,
નાદ - બિન્દુ - કલા આદિ અભ્યંતર છે. પરિકર સહિતના
વર્ણો ઉદ્દીપક અથવા ક્રિયા (ફળને) ઉત્પન્ન કરે છે.

'ॐ ह्रीं अर्हं नमः ।'માં...

(१) નમોઽસ્તુ = ઇચ્છાયોગ.

(२) ॐ = શાસ્ત્રયોગ. (3) ह्रीं = સામર્થ્યયોગ.

(४) अर्हं = અયોગી કેવળી.

ॐ अर्हं नमः इति गुणपदविवद् द्रव्यं ।

'ॐ अर्हं नमः'માં ॐ = આર્તધ્યાન નિવારણ - વિષાદ.

अर्हं = રૌદ્રધ્યાન નિવારણ - કષાય.

ॐ अर्हं नमः । મંત્રમાં...

ॐ એ સેતુ, अर्हं એ બીજ અને નમઃ એ પલ્લવ છે.

સેતુ એટલે મંત્રની મૂળ શક્તિનું અનુસંધાન કરનાર.

પલ્લવ એટલે અદ્ભુત પરિણામ લાવવા માટેની સંજ્ઞા.

આ મંત્રની સિદ્ધિ નજીક છે, એમ ત્યારે જાણવું કે જ્યારે મંત્રના અક્ષરો જ્યોતિર્મય દેખાય અને મનોવૃત્તિનો તેમાં લય થાય.

'ॐ अर्हं' મંત્ર દિવ્યજ્ઞાન મહિમા છે,

સ્ફટિકની જેમ પારદર્શક છે, એમાં પરમાત્મા વસે છે.

ॐ એ ધર્મરાજાનો મંત્ર, 'અહં મમ' મોહરાજાનો મંત્ર છે.
ॐ = નાઽહં, હ્રીં = ન મમ, અર્હં = અહંનો નાશક મંત્ર.
અર્હં એ આત્માનો મંત્ર છે, અહં એ પુદ્ગલનો મંત્ર છે.

ॐ = સત્યં; અર્હં = ઋતં।

'સત્યં ચ ઋતં ચ ॐ અર્હં નમઃ।'ની ઉપાસના કરવી.

ઋત = મહાકાલી, સત્ય = મહાસરસ્વતી,
મહાલક્ષ્મી = સત્ય અને ઋતનો મધુછંદ.

ॐ હ્રીં અર્હં નમઃ। મંત્રમાં ॐ = નિર્ગુણનિરાકાર,
હ્રીં = સગુણસાકાર, અર્હં = ગુણવિહાર.
નમઃ અને ગુણ - બે એક જ છે.

ॐ અર્હં નમઃ।

ॐ એ બીજ છે, અર્હં એ અંકુર અને શાખા છે તથા
નમઃ એ પલ્લવ - પુષ્પ છે, ફળ એ આત્મસાક્ષાત્કાર છે.

પરમાત્માના નામના આ મંત્રના જાપથી
સાધકનું મન નિર્મળ તથા સક્રિય બને છે.
આ મંત્રજાપથી નિર્વિકારપણું થવાય છે.

'ॐ ह्रीँ अर्हं नमः ।' મંત્રમાં...

ॐ એ બીજ છે, ह्रीँ એ અંકુર છે,
अर्हं એ શાખા છે, નમઃ એ પલ્લવ છે,
ફળ એ ઉપાસ્યની ઉપલબ્ધિ છે.
અંકુર અને શાખા એ વિવિધ પ્રકારની સૃષ્ટિ છે.

વળી 'ॐ ह्रीँ अर्हं नमः ।' મંત્રમાં...

ह = પરમાત્મા, ऽ = જાગૃત કુંડલિની,
ઊર્ધ્વરેફ = રત્નત્રય, અધોરેફ = કર્મદહન,
કલા = યોગસિદ્ધિઓ તથા બિન્દુ = શુદ્ધ આત્મા છે.
ॐ એ નાદધ્વનિ અને अर्हं જ્યોતિદર્શન છે અથવા
ॐ પરબ્રહ્મવાચક અને अर्हं શબ્દબ્રહ્મવાચક છે.
આ મંત્ર વડે શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

'ॐ अर्हं नमः । सच्चिदानंदघन नाद ज्योतिः ।' વહ્ની-૨૬

અરિહંત નમસ્કાર એ સત્ત્વનો પક્ષપાત છે.
સત્ત્વ સચ્ચિદાનંદઘન સ્વરૂપ છે,
તેની અભિવ્યક્તિ નાદ અને જ્યોતિ વડે થાય છે.

'ॐ ह्रीँ अर्हं नमः ।' મંત્રનો શબ્દાર્થ

ॐ = અનાહત - પ્રણવ - સર્વકાળવ્યાપી.

ह्रीँ = આહત - માયા - સર્વદેશવ્યાપી.

अर्हं = ગુણપર્યાયવત્ દ્રવ્યમ્ - સામાન્ય / વિશેષવાચી.

નમઃ = સમાપત્તિ - એકતાનુભૂતિ.

'ॐ अर्हं નમઃ ।' આપણા અલ્પ અહંને છોડી વ્યાપક આત્માને સ્વીકાર કરવાના અર્થમાં આ મંત્ર છે.

अर्हं - आत्मानम् । હું આત્માને બહુમાનપૂર્વક સ્મરું છું. આત્મા એ ગુણધામ છે અને સર્વનું રક્ષણ કરે છે, 'સર્વસ્વ તેનું છે' એવા નમ્ર ભાવે તેનો સ્વીકાર. એ રીતની અર્થભાવનાપૂર્વક થતું આ મંત્રનું સ્મરણ બહિરાત્મ ભાવનો નાશ કરવા તીક્ષ્ણ કુઠારની ધારનું કામ કરે છે અને તે વડે અંતરાત્મ ભાવમાં આવીને પરમાત્મ ભાવનું અત્યંત ભાવપૂર્વક પૂજન થાય છે. દ્રવ્યથી પૂજન વહેવારનું અને ભાવથી પૂજન સ્વરૂપનું - એમ દ્રવ્ય - ભાવપૂજનથી આત્મતત્ત્વનું બહુમાન થાય છે.

ॐ તથા અર્હં શબ્દો શું જણાવે છે?

ॐ ઊર્ધ્વતાસામાન્યથી આત્માનું ત્રિકાળવ્યાપી સ્વરૂપ
અને 'અર્હં' શબ્દ ત્રિલોકવ્યાપી સ્વરૂપને જણાવે છે
અથવા ॐ શબ્દ આત્મદ્રવ્યને અને અર્હં શબ્દ
આત્માના ગુણો અને વિશુદ્ધ પર્યાયોને જણાવે છે.

અનાહત નાદ = ક્રિયા. જ્ઞાનજ્યોતિ = જ્ઞાન.

મંત્રના શબ્દોનું આલંબન લેવાથી
આત્મામાં રહેલ શક્તિ - ગતિ - ક્રિયા જાગૃત થાય છે.
મંત્રજાપના નાદના પ્રભાવે જ્યોતિ - જ્ઞાન - પ્રકાશ,
કે જે મૂળ આત્મગુણ છે, તે પ્રગટે છે.
નાદશક્તિથી વીર્યાંતરાય નાશ પામે છે,
જ્યોતિ પ્રગટવાથી જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય થાય છે.

Mantra says:

'Be not afraid. I stand surely for you.'
Mantra alone is the pathway to
Siddhi & redeemer of all liabilities.

## अर्हं એટલે...

(૧) બીજ અથવા મૂળ. (૨) પરમ મંત્રાક્ષર જ્ઞાન – નાદ, બિંદુ, કળા અને જ્યોતિથી યુક્ત. (3) અ થી હ પર્યન્ત વાઙ્મયરૂપ. (૪) પંચપરમેષ્ઠિવાચક અર્હદાદિરૂપ પરમતત્ત્વ.

अर्हम् = 3 વ્યંજન. अ + र् + ह् + अ + म् =

૨ માત્રા, ૧ બિંદુ, ૨ વ્યંજન, ૨ સ્વર.

## સમાધિ અવસ્થાનો પરમમંત્ર કયો ?

'ॐ अर्हं नमः ।' એ પ્રકૃતિની શુદ્ધિ કરે ને તે દ્વારા અંતઃકરણનાં સમાધાન – સમાધિ અવસ્થાનો પરમમંત્ર છે. તેના જાપથી પળમાં જીવનભરનું ભાથું બંધાઈ જાય છે.

તે ભાથું બોધિ અને સમાધિનું છે.

'વિશ્વ સ્વયં પૂર્ણ છે' એવું જ્ઞાન તે બોધિ અને પ્રકૃતિના જ્ઞાનથી જન્મતી ચિત્તની પરમ શાંતિ તે સમાધિ.

લોચ વખતે 'अर्हं'નો જાપ અથવા તો 'नमो अरिहंताणं' પદના જાપમાં રહેવાથી અશાતાવેદનીયનું ઉદયજન્ય દુઃખ અનુભવાતું નથી.

ૐ - અર્હં જાપમંત્રો અને નમસ્કારરૂપી મહામંત્ર
આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનના નાશક મંત્રો છે અને
ધર્મધ્યાન તથા શુક્લધ્યાનના ઉત્પાદક મંત્રો છે.

'ૐ હ્રીં નમઃ ।' અથવા 'ૐ અર્હં નમઃ ।'
મંત્ર દ્વારા હિંસાનુબંધી રૌદ્રધ્યાનનો ત્યાગ થાય છે,
કેમકે તેમાં 'ૐ' મંત્ર દ્વારા
પોતાના આત્મસમાન સર્વ જીવોનું ચિંતવન થાય છે.
અર્હં જાપનાં પ્રભાવે અહંભાવનો નાશ થાય અને
અર્હંભાવનો ઉદય થાય છે.

'અહં' અને 'અર્હં'માં શું ફેર ?

'અહં' સ્વાર્થભાવરૂપ છે, 'અર્હં' સર્વાર્થભાવરૂપ છે.
'અહં' એકાત્મભાવ છે, 'અર્હં' સર્વાત્મભાવ છે.
અર્હંકાર પ્રથમ પરમેષ્ઠિના વાચકરૂપ હોવાથી
આત્માની પૂર્ણ પરમાત્મરૂપતાનો બોધક છે,
તેથી શુક્લધ્યાનનું જાપ બને છે અને
તે આર્તધ્યાનનો નાશ કરે છે.

अर्हं રચના છે, अहं પીગળો છે.

રચના મટી રચનું થવું = અહંમાંથી છૂટીને अर्हं બનવું.

મમતા એ રોગ છે, જેનું મૂળ અહંતા છે.

એ અહંતાનો નાશ અર્હંતાની ભાવનાથી થાય છે.

અર્હં એ શ્રી જિનપતિનો સદા વિદ્યમાન મંત્રદેહ છે.

જગતના કલ્યાણ માટે સાક્ષાત્ શ્રી જિનેશ્વર ભગવંત

अर्हंરૂપ મંત્રદેહે વિચરણ કરીને મંત્રશરીરથી સદા જીવે છે.

'अरिहं', 'अरहं' અને 'अरुहं'

સંસ્કૃતમાં 'अर्हं' શબ્દ ઉપરથી પ્રાકૃતમાં ત્રણ રૂપ બને છે.

તે જ અનુક્રમે 'अरिहं', 'अरहं' અને 'अरुहं' છે.

'अरिहं', 'अरहं', 'अरुहं'ને નમસ્કાર એ ત્રાણસ્વરૂપ છે.

'अरिहं' એ પ્રભુની ધર્મકાય, 'अरहं' એ કર્મકાય તથા

'अरुहं' એ પ્રભુની તત્ત્વકાય અવસ્થાને કહે છે, જે

અનુક્રમે જન્મ, જીવન તથા મરણને જિતાવનારી છે.

જન્મ, જીવન અને મરણ - એ ત્રણે ય અવસ્થાઓ

ઉપર જેઓએ વિજય પ્રાપ્ત કર્યો છે, તે 'अरिहं' છે.

'अर्हं' શબ્દના પ્રાકૃતમાં ત્રણ રૂપ છે:

अरिहं છદ્મસ્થાવસ્થા, अरहं સયોગાવસ્થા તથા
अरुहं યોગનિરોધાવસ્થા અને સિદ્ધાવસ્થા અનુક્રમે
ધર્મકાય, કર્મકાય તથા તત્ત્વકાય અવસ્થા છે.
એક જન્મને જણાવનારી, બીજી જીવનને જણાવનારી
અને ત્રીજી તત્ત્વકાય અવસ્થા મરણને જણાવનારી છે.
अर्हं એ ત્રણે અવસ્થાઓનો વાચક શબ્દબ્રહ્મ છે.
શબ્દબ્રહ્મમાં નિષ્ણાત જીવ પરબ્રહ્મને પામે છે.
પરબ્રહ્મ ચૈતન્ય પરમાત્માન્વિત એકરૂપ છે.
તેનું સ્મરણ - નમન એ તદ્રૂપ પરિણમન છે.

ॐ = मंत्र - वर्णात्मकं ।
अर्हं = यंत्र - आकृत्यात्मकं ।
नमः = तंत्र - पुरुषार्थं ।

'अर्हं' એ ત્રિભુવનપૂજ્ય છે, કેમકે ત્રિભુવનહિતૈષી છે.
હિતૈષિતા એ વિશિષ્ટ પૂજા છે. હિતૈષિતાના લક્ષ્ય વડે
પરમાત્માની પૂજા કરનારા ત્રણે ભુવનને પૂજ્ય બને છે.

અકાર વિશ્વરૂપાત્મક સર્વવ્યાપી છે, તેને હકાર વડે માયાધીન બની સર્વવ્યાપકતાને ઢાંકી નાંખે છે, તે 'અહં' છે. માયાને ઢાંકીને જે સર્વવ્યાપક બને છે, તે 'અર્હં' છે.

અ + હ + મ = અ + ર + હ + મ

માનવની સત્તાનું મૂળ 'અહમ્' છે, ર રેફ અગ્નિબીજ છે. અગ્નિબીજનો લાક્ષણિક અર્થ તે જ્ઞાનાગ્નિ છે કે જે 'અ' તથા 'હમ્'ની મધ્યમાં આવીને 'અહમ્'ને 'અર્હં' બનાવી દે છે.

મનસ્તત્ત્વ નમન કરે છે, ત્યારે અજ્ઞાનાંધકારરૂપી અરિનું હનન થઈ જાય છે અને માનવનું અહંતત્ત્વ દૈવી અહં (અર્હં)માં પરિણત થઈ જાય છે.

શ્રુતજ્ઞાનાદિ કેવળજ્ઞાન સુધીની પ્રાપ્તિ કરવાવાળો 'અહં' કૈવલ્ય અવસ્થામાં 'અર્હં' બની જાય છે.

'અ' કારરૂપ વાસુદેવ, 'હ' કારરૂપ શૂન્ય અને 'મ' કારરૂપી માયાદિ મોહિત થઈને 'અહં' તત્ત્વમાં પરિણત થયેલો હતો તે કૈવલ્યની ઉપલબ્ધિ કરીને 'અર્હં' થાય છે, તે જ સચ્ચિદાનંદ પરબ્રહ્મ અને પરશિવ છે.

'अर्हते योगिनाथाय' કહીને કલિકાલસર્વજ્ઞે જે ભગવાન મહાવીરની સ્તુતિ કરી છે, તે આ જ અર્થને સૂચવે છે. જે 'અર્હં' ચિત્તની વૃત્તિઓ રૂપ શત્રુને હણી નાંખે છે, તે 'अर्ह' પદ વાચ્ય બને છે. - Kallaji, Jodhpur

જ્યાં અહિંસા છે, ત્યાં અભય છે અને
જ્યાં અર્હં છે, ત્યાં અહિંસા છે.
અર્હં અને અભયને સંબંધ છે.
ભય ભેદમાંથી ઉભો થાય છે.

અર્હંમાં ભેદનો છેદ છે, અભેદની સત્તા - અસ્તિત્વ છે.
જેમ અણુઓના ભૌતિક પરિવર્તનોથી અણુબોંબ બને છે,
તેમ અર્હંના કેન્દ્રસ્થ સત્ત્વની સ્ફુરિત
ધ્યાનમય વિચારોના ગતિમય ન્યુટ્રોન્સ વડે થાય, તેમાંથી અર્હંનો આધ્યાત્મિક બોમ્બ સર્જાય. એમાંથી પ્રગટ થતી આત્મશક્તિ અણુશક્તિ કરતાં ય અનંતગુણ પ્રબળ હોય.

જે શક્ય છે, તેના પ્રયોગ કર્યા કરવા,
તે જીવનની સૌથી ઉદાત્ત કળા છે.

## 'અર્હં'નું ખરું સ્વરૂપ

'અર્હં' એ શુદ્ધ સ્વરૂપ છે, સર્વજીવવત્સલ છે.
ભાવાદ્વૈતને ધારણ કરનારા છે, વાસીચન્દનકલ્પ છે.
સમ તૃણ - મણિ, માટી - કંચન, દુઃખ - સુખ છે.
મૈત્રીના પવિત્ર પાત્ર છે. મુદિતાદિ તે સદા મુદિત છે.
પ્રાણીમાત્ર પ્રત્યે કૃપાપર છે. પરમ માધ્યસ્થ્ય ભાવે
ઔદાસિન્યભાવને ભજનારા છે. સર્વજ્ઞ - સર્વદર્શી છે.
ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રને ધરનારા છે.
અનંત દાન - લાભ - ભોગ - ઉપભોગ - વીર્યવાન છે.
સર્વ દોષોથી રહિત અને સર્વ ગુણોથી પૂર્ણ છે.

## અહિંસા દ્વારા 'અહં'થી 'અર્હં'ની યાત્રા

અહિંસામાં અન્ય જીવો પ્રત્યે અવિરોધ ભાવ છે.
'અહં'કારમાં બહુ અન્ય જીવોનો નિષેધ છે.
'નમ્ર'ભાવમાં અનિષેધ છે, તેથી નમસ્કાર વડે
'અહં'નો ત્યાગ અને 'અર્હં'ની ભક્તિ થાય છે.
'અર્હં' સર્વ જીવોની સાથે એકતા - અભેદનો સૂચક છે.

અર્હંના ધ્યાનથી સદા બોધ થાય છે કે :

'હું શરીર નથી પણ અર્હં છું, દેહ નહિ પણ આત્મા છું'

અથવા 'આત્મા સત્ય છે અને અન્ય સર્વ મિથ્યા છે.'

અર + હં = ર્ અગ્નિબીજ છે.

તેમાં પૃથ્વીતત્ત્વ અને જલતત્ત્વ અંતર્ગત છે.

હ એ આકાશબીજ છે, તેમાં વાયુતત્ત્વ અંતર્ગત છે.

અર્હંના પ્લુત ઉચ્ચારણથી પંચતત્ત્વોનું ઊર્ધ્વીકરણ થાય છે.

આર્હન્ત્ય = વિશ્વપ્રેમ, ઋત - ગતિશીલ તાલબદ્ધ પ્રાણ.

ૐ = સત્ય, અર્હં = ઋત, નમઃ = પરિણમન (being), To be.

પાંચ વર્ણનો પૂર્ણ મંત્ર = ૐ અર્હં નમઃ ।

ૐ = વર્ણવિસ્તૃતિ, અર્હં = સનાતન, નમઃ = આત્મન.

દેહમાં અમૃત અને મૃત્યુ - બંને રહેલ છે.

'અહં' એ મોહ છે અને 'અર્હં' એ અમૃત છે.

'અહં' એ મૃત્યુ છે, 'અર્હં' એ અમૃત છે.

સિદ્ધિનો માર્ગ 'અર્હં' છે.

'અર્હં'ને છોડીને બીજા કોઈ માર્ગે સિદ્ધિ અશક્ય છે.

અહંમાંથી અર્હંમાં જવું એટલે અલ્પમાંથી મહાન બનવું.

અહં એ કોલસો છે, તો અર્હં એ હીરો છે.

અહં અભિમાન છે, તો અર્હં નિરભિમાન છે.

અહં વાસના છે, તો અર્હં વાત્સલ્ય છે.

અહં કષાયપુષ્ટિ છે, તો અર્હં કષાયમુક્તિ છે.

અહં રાગ-દ્વેષ છે, તો અર્હં અરાગ-દ્વેષ છે.

અહં સ્વાર્થભાવ છે, તો અર્હં પરાર્થભાવ છે.

અહં પુણ્યનો ક્ષય છે, તો અર્હં પુણ્યની પુષ્ટિ છે.

અહં ભયભીતતા છે, તો અર્હં નિર્ભયતા છે.

અહં વિનિપાત છે, તો અર્હં સર્વોદય છે.

અહં બરબાદી છે, તો અર્હં આબાદી છે.

અહં એ વાસનાનું ઘર છે, તો અર્હં ભાવનાનું ઘર છે.

અહં એ કારાગાર - કેદ છે, તો અર્હં મુક્તિ - સ્વાતંત્ર્ય છે.

ૐ એ અહંનો વિરોધી મંત્ર, હ્રીં એ મમનો વિરોધી મંત્ર.

અર્હં એ અહંનો પ્રતિપક્ષ મંત્ર, નમઃ એ મમનો પ્રતિપક્ષ મંત્ર.

ૐ હ્રીં અર્હં નમઃ । 'નાઽહં ન મમ' મોહનો પ્રતિપક્ષ મંત્ર.

અર્હંનું સ્મરણ એ સંપત્તિ છે, વિસ્મરણ એ વિપત્તિ છે.
વિશ્વના પ્રભુ 'અર્હં' છે, એટલા માટે 'અર્હં'નો સેવક
વિશ્વનો ભગવાન બને છે. 'અહં' એ વિશ્વનો ગુલામ છે,
તેથી 'અહં'ના ગુલામ બનનારને વિશ્વના ગુલામ બનવું પડે.
'અહં' એ કર્મપ્રકૃતિનું સર્જન છે, તેથી પરાધીન તત્ત્વ છે.
'અર્હં' એ આત્મતત્ત્વનું શુદ્ધ રૂપ છે, તેથી સ્વાધીન તત્ત્વ છે.

ૐ અર્હં નમઃ। તથા ૐ નમઃ સિદ્ધં। મંત્રનો
જાપ કરનારાઓએ પ્રધાન ધ્યેયશા નામનું એકાંગ સ્પષ્ટ
સમજી લેવું જોઈએ, તે વિના એકાગ્રતા દુઃશક્ય છે.
ૐ અર્હં નમઃ। મંત્ર કૃતજ્ઞતા - પરોપકાર દર્શાવે તથા
ૐ નમઃ સિદ્ધં। આત્મસમદર્શિત્વ - પરમાત્મસમદર્શિત્વ.

એમ અર્હં એ તાત્ત્વિક નમસ્કાર છે,
તેમ તાત્ત્વિક ત્રાણ શરણ અર્હં જ છે.

જાપ વડે થતું અર્હંનું ધ્યાન અહંત્વનો નાશ કરે છે.
અર્હંનું સ્વામિત્વ અને અહંનું દાસત્વ સ્વીકારવાથી
પરિગ્રહસંજ્ઞાનો અંત આવે છે, તે જાપ વડે સધાય છે.

'ૐ અર્હં નમઃ ।' એ મૂળ મંત્ર છે. ૐ સૂચવે છે કે: અવિદ્યાબંધનમાંથી છૂટવા કર્મના શુભાશુભ ઉદય વખતે સાક્ષી રહેવું પણ તેમાં રાગ-દ્વેષની જાગૃતિ ન થવા દેવી.

'ઓં' વડે આર્ત - રૌદ્ર ધ્યાનનો અંત આવે છે,
'અર્હં' વડે ધર્મ - શુક્લ ધ્યાનનો પ્રારંભ થાય છે.

આર્તધ્યાન ઇષ્ટાનિષ્ટ વસ્તુવિષયક માનસિક સંવેદન છે. કર્મકૃત પ્રિયાપ્રિય બનાવો પ્રત્યે પ્રીતિ તથા અપ્રીતિને ધારણ કરવી, તે અવિદ્યા છે અને તે જ બંધન છે. 'ૐમિતિ પંડિતાઃ કુર્યુઃ ।' જેની પાસે પંડા, બુદ્ધિ, જ્ઞાનની સમજ છે, તે ૐકારસૂચક 'ઓં' શબ્દનો પ્રયોગ કરે છે, કિન્તુ 'ન'કારસૂચક રાગ - દ્વેષને કરતો નથી.

રૌદ્રધ્યાન પ્રાણીવિષયક ઇષ્ટાનિષ્ટ કલ્પના છે. જીવમાત્ર સ્વરૂપથી સમાન છે, તેના પ્રત્યે શત્રુ-મિત્રની કલ્પના ધારણ કરવી, તે અજ્ઞાન છે. ૐ મંત્ર વડે જીવમાત્રનો જીવત્વ સ્વરૂપે સ્વીકાર થાય છે. 'અર્હં' શુદ્ધ જીવનું દ્રવ્ય-ગુણ-પર્યાયથી શુદ્ધ સ્વરૂપ સૂચવે છે.

વળી ૐ અરતિ આર્તરૌદ્ર ધ્યાનનો ત્યાગ.

ૐ સ્વીકાર અર્થમાં છે.

તેના ઉચ્ચારણ દ્વારા વિશ્વવ્યવસ્થાનો સ્વીકાર થાય છે,

'સર્વત્ર ત્રિગુણની રમત થઈ રહી છે' એનું ભાન થાય છે.

એથી જે સમતા આવે છે, એનું જ નામ છે:

આર્તરૌદ્રરૂપ અશુભ ધ્યાનનો ત્યાગ.

પછીનું અર્હંપદ ધર્મધ્યાન - શુક્લધ્યાનનું ધ્યેય બને છે.

એ રીતે આ બન્ને પદ પરમ શાંતિદાયક બને છે.

'અર્હં' મંત્રની અદ્ભુત મહત્તા

(૧) અર્હં એ અનાહત સ્વરૂપ છે.

(૨) સર્વ શાસ્ત્રોનાં રહસ્યભૂત છે.

(૩) એનું અતિ નિર્મળ સ્વરૂપ છે.

(૪) તે 'અસિઆઉસા નમઃ ।' રૂપે મૂકાય છે.

(૫) તે અભિષ્ટ ફળને દેનાર છે.

(૬) અનાદિસિદ્ધ અક્ષર વર્ણમાળાના સંગ્રહરૂપ છે.

(૭) સિદ્ધચક્ર યંત્રના બીજ રૂપે તે પ્રસિદ્ધ છે.

'ૐ ૐ (અર્હં) નમઃ ।' આ મંત્ર વડે
હિંસાનુરંજિત રૌદ્રધ્યાનનો ત્યાગ થાય છે, કેમકે તેમાં
'ૐ' મંત્રથી આત્મસમાન સર્વ જીવોનું ચિન્તવન થાય છે.
કહ્યું છેઃ પ્રણવં હીશ્વરં વિન્દ્યાત્ સર્વસ્ય હૃદિ સંસ્થિતં ।
સર્વવ્યાપિ નમોંકારં મત્વા ધીરો ન શોચતિ ॥ અર્થાત્ઃ
સર્વ જીવવ્યાપી ઓંકારનું મનન કરનાર શોકને પામતો નથી.
ઓંકારરૂપી ઈશ્વર સર્વના હૃદયમાં વ્યાપીને રહેલો છે.
સર્વ જીવોમાં આત્મૌપમ્ય બુદ્ધિને ઉત્પન્ન કરનાર ઓંકાર
રૌદ્રધ્યાનનો પ્રતિકાર કરે છે અને મૈત્ર્યાદિરૂપ ધર્મધ્યાનને
ઉત્પન્ન કરે છે. એ પછી અર્હંકારનું ધ્યાન આત્મામાં
રહેલ પરમાત્મતત્ત્વને જગાવે છે. તેથી કામાનુરંજિત
આર્તધ્યાનનો નિરાસ થાય છે. સર્વ પ્રકારની કામનાઓ
આત્માની અપૂર્ણતાના બોધથી જ ઉત્પન્ન થાય છે.
અર્હંકાર પ્રથમ પરમેષ્ઠિના વાચકરૂપ હોવાથી આત્માની
પૂર્ણ પરમાત્મરૂપતાનો બોધક છે, તેથી શુક્લધ્યાનનું
કારણ બને છે અને તે આર્તધ્યાનનો નાશ કરે છે.

'ૐ હ્રીં અર્હં નમઃ' મંત્રનો

એક લાખ વાર જાપ કર્યા પછી દશાંશ હોમ કરવો.

જેટલા અક્ષરનો મૂળ મંત્ર હોય, તેટલા લાખ જાપ
કરવાથી એક પુરશ્ચરણ થાય છે. આરાધ્ય દેવતાના
સાક્ષાત્કાર માટે આવા પુરશ્ચરણોની જરૂર હોય છે.

કેન્દ્ર - રેખા - વર્તુલ કેન્દ્રબિન્દુ સ્વરૂપ છે.

'અર્હં' એ નાદરૂપ શબ્દબ્રહ્મ છે.

તેનો આદરપૂર્વક જાપ કરવાથી જ્યોતિર્બ્રહ્મ અર્થાત્
પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે, જે પરમ આનંદરૂપ છે.

સર્વ શાસ્ત્રોમાં કહ્યું છે કે...

'जे एगं जाणइ, से सव्वं जाणइ ।'

એક આત્માને જાણવાથી સમગ્ર વિશ્વને જાણી શકાય છે.

એક આત્માને ન જાણ્યો,
તેણે સમગ્ર વિશ્વને જાણ્યું, તે ન જાણ્યા બરાબર છે.

एगंमि पूइए सव्वे ते पूइया होंति ।

અર્થાત્: એકની પૂજા કરવાથી તે સર્વની પૂજા થાય છે.

## 'હ્રીઁ' મંત્રમાં પંચપરમેષ્ઠિ શી રીતે?

વર્તુલ, ત્રિકોણ, લોઢાકાર, વિશુદ્ધકલા અને દીર્ઘકલા રીતે.

ॐ એ સેતુ અને નમઃ એ પલ્લવ છે.

१. शांतिके ह्रीँ स्वाहा ।

२. पौष्टिके ह्रीँ स्वधा । ३. वश्ये ह्रीँ वषट् ।

४. आकर्षणे ह्रीँ वौषट् ।

५. स्तंभने ह्रीँ ठः ठः । ६. विद्वेषे ह्रीँ ह्री ।

७. उच्चाटने ह्रीँ फट् स्वाहा ।

८. मारणे ह्रीँ घे घे । ९. गारुडे ह्रीँ हंसः ।

जीवनम् - रहस्यम् ।

मायाबीजं लक्ष्यं परमेष्ठि - जिनालि - रत्नरूपं यः ।
ध्यायत्यन्तर्वीरं स श्री गौतमः सुधर्मा च ॥

ભાવાર્થ: હ્રીઁ મંત્રબીજમાં ૨૪ પરમાત્માને રત્નરૂપે સ્થાપીને, મધ્યમાં શ્રી વીરપ્રભુનું જે ધ્યાન કરી શકે, તે શ્રી ગૌતમસ્વામી કે શ્રી સુધર્માસ્વામી જેવા બની શકે.
હ્રીઁ મંત્ર વડે મનનું ધ્યાન આત્માને દોરવા તરફ ઝૂકે છે.

## હ્રીંકારના ધ્યાનમાં પાંચ વર્ણ

જે તીર્થંકરો શ્વેત વર્ણના, જે તીર્થંકરો રક્ત વર્ણના,
જે તીર્થંકરો નીલ વર્ણના, જે તીર્થંકરો શ્યામ વર્ણના,
૧૬ તીર્થંકરો પીત વર્ણના છે.

(૧) હ્રીંકારનું ધ્યાન પણ ૐકારના ધ્યાનની જેમ જ પાંચ વર્ણે થઈ શકે છે.

(૨) પંચ પરમેષ્ઠિ મંડલ આલેખનમાં પાંચ વર્ણ હોય.

(૩) પંચ પરમેષ્ઠિ પૂજનમાં પાંચ ધાન્યોના પાંચ વર્ણ.

(૪) પાંચ પરમેષ્ઠિની આરાધના માટે આયંબિલ તપમાં પાંચ વર્ણ મુજબ ધાન્ય વપરાતું હોય છે.

(૫) પાંચ વર્ણની માળાઓ, પાંચ વર્ણના આસનો, પાંચ વર્ણનાં વસ્ત્રો ધ્યાન વખતે વપરાતા હોય છે.

વર્ણનો સંબંધ ધ્યાનની સાથે તથા
ધ્યાનનો સંબંધ આત્માની સાથે છે.
ધ્યાન કરવાના પ્રકારોમાં વર્ણની પ્રધાનતા શાથી છે?
તે હવે પછીમાં આવે છે.

अर्हं એ પરમેશ્વર - પરમેષ્ઠિનું વાચકબીજ છે.

નિશ્ચયથી પોતાનો આત્મા જ પરમેશ્વર - પરમેષ્ઠિ છે.

એ જ ત્રાણ, શરણ અને આધાર છે.

નિમ્નલિખિત યંત્રપૂજન ગુપ્ત છે, રહસ્યભૂત છે.

'ॐ अर्हं' મંત્રમાં 'અ' એ ગગનવાચક છે તથા

'રેફ' એ અગ્નિવાચક છે.

વાંકી લીટીનો અવગ્રહ એ 'અ' કારસૂચક છે અને

તે નાદ - બિન્દુયુક્ત છે.

તેમાંજ બધા મંત્રબીજ આવી જાય છે.

તે પ્રણવ - અનાહત - માયાબીજથી વીંટળાયેલ રહેલ છે

અહીં અર્હંની આકૃતિ પહેલાં

ॐથી અને પછી હ્રીંથી વીંટવા જોઈએ.

વેદાંત, ભાગવત અને મહાભારતની ભાવના

अहं ब्रह्मास्मि । એ વેદાંતની ભાવના છે.

सर्वं खल्विदं ब्रह्म । એ ભાગવતની ભાવના છે.

वासुदेवः सर्वं । એ શ્રી મહાભારતની ભાવના છે.

अर्हंमां 'अ' અને 'र'નો સંપુટ 'ह'ને બળવાન કરે છે.
'र' અગ્નિબીજ છે અને 'अ' અમૃતસ્વરૂપ છે.
તે આત્માનું અજર - અમર સ્વરૂપ પ્રકટાવનાર છે.

મંત્રને જો સાધક પ્રભાવવાન અને ચૈતન્યવંત
બનાવવો હોય, તો સર્જનની શક્તિ આવશ્યક છે.
પુરુષ અને પ્રકૃતિના સંયોગ વિના સર્જન શક્ય નથી.
'ह' એ પુરુષ છે અને 'अ' એ પ્રકૃતિ છે.

## 'ॐ अर्हं नमः ।' મંત્રમાં 'ॐ'નું મહત્ત્વ

प्रणवाऽनाहतोद्भूतंवर्णत्रयमयं परं ।
नासाग्रे ध्यानिनो मंत्रं ध्यायन्तु शिवशर्मणे ॥१॥
एतेनाऽद्भुतमन्त्रेण ध्यानशुद्धिः पराभवेत् ।
आत्यन्तिक सुखं स्वात्मजं च सिद्धगुणाष्टकम् ॥२॥

અર્થ: પ્રણવ અને અનાહતથી ઉત્પન્ન થયેલ
ત્રણ વર્ણવાળા આ શ્રેષ્ઠ મંત્રને
મોક્ષસુખ માટે હે ધ્યાની પુરુષો !
નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ રાખીને ધ્યાન કરો.

## સકલ સિદ્ધિનું બીજ છે 'અર્હં'

'અર્હં' બીજમાં અ થી હ પર્યંત વર્ણમાળા ઉપરાંત મધ્ય રેફ વડે રત્નત્રય, કલા દ્વારા ચૈતન્યશક્તિ અને બિંદુ વડે કેન્દ્રમાં રહેલ ચિન્મયતત્ત્વનું ધ્યાન થાય છે. તે ધ્યાન નિર્વિકલ્પ - ચિન્માત્ર સમાધિમાં પરિણમીને સકલ સિદ્ધિનું બીજ બને છે તથા પરમાત્મશક્તિ રત્નત્રય રૂપે પ્રકટ થઈ સમગ્ર વર્ણમાળા અને તે દ્વારા સમગ્ર વિશ્વના આવિર્ભાવમાં કારણ બનીને સૃષ્ટિ + સંહાર ક્રમે ધ્યાનનું પરમ આલંબન બને છે.

ૐ મંત્ર વડે પ્રભુતાનું અનુસંધાન થાય છે અને અર્હં મંત્ર વડે લઘુતાનું અનુસંધાન થાય છે.

નવકાર મંત્ર દ્વારા મળતી પ્રભુતા પરમેશ્વરનું પ્રત્યક્ષ છે અને લઘુતા જીવાત્માનું પ્રત્યક્ષ છે.

બંને મળીને ધર્મ પૂર્ણ બને છે.

લઘુતા વડે દાસધર્મનું પોષણ થાય છે અને પ્રભુતા વડે પૂજાધર્મનું પ્રણિધાન થાય છે.

બ્રહ્મરંધ્રમાં અર્હંનું રૂપ અવિચલ રોપાય તે તાત્ત્વિક
આકાર બને છે. તેને ધ્યેયાવેશ - અભેદ પ્રણિધાન
પણ કહે છે. ભેદનો સૂક્ષ્મ પણ અંશ ત્યાં રહેતો નથી.
તાત્ત્વિકનમસ્કાર = અભેદપ્રણિધાન = પરતત્ત્વ સમાપત્તિ.
સ્વપ્નાવસ્થા મધ્યમા વાણી છે, સુષુપ્તિ પશ્યંતીરૂપ છે.

દેવતા, ગુરુ, મંત્ર, મન, આત્મા અને
બ્રહ્મમાં ઐક્યનું ભાન, તે વિમર્શ છે.
તે પશ્યંતી વાણીરૂપ છે, માટે મંત્રદેવતા છે.
ત્રિપદી એ પ્રવચનપુરુષની માતૃકા છે અને
અર્હં એ વર્ણમાતૃકાનું બીજ છે.

દેહાધ્યાસનાશ માટે નાદાનુસંધાનનું આલંબન મહત્ત્વનું છે.
દ્રવ્ય - ગુણ - પર્યાયના સાદૃશ્યનું ભાન પરમાત્માના
શુદ્ધ સ્ફટિક સમાન નિર્મલ રૂપના ધ્યાનથી થાય છે.
પ્રભુની માયાથી દારિદ્ર્યનો નાશ થાય છે.
સોઽહં લક્ષ્ય તે ધ્યાનાવેશ - અર્હં લક્ષ્ય તે ધ્યેયાવેશ.
ધ્યેયનાં વિશેષણો અપ્રતીત, અનિરાકૃત, અભીપ્સિત છે.

આજ્ઞાચક્રમાં અર્હજ્ઞાનનું ધ્યાન ૐ 11-12-67

સિદ્ધાસન ઉપર મૂળબંધ લગાવી સુસ્થિત થઈ
આજ્ઞાચક્રમાં 'ર્હં' જ્ઞાનાક્ષરને શશિકાન્ત મણિના રૂપમાં
સ્થાપિત કરી અષ્ટદલકમલમાં
નવપદાત્મક સિદ્ધચક્રનું વર્ણાદિ ધ્યાન કરવું.
સમવસરણ ભૂમિની ઋદ્ધિ - સપ્રાતિહાર્ય અતિશયયુક્ત
અરિહંત પરમાત્માનું સ્વરૂપ ચિત્તે ચિન્તન કરવું.
તે અભ્યાસને સતત વધારવા શ્વાસાનુસંધાન કરવું.
સુરતાને શ્વાસાધીન કરવાથી નાદાનુસંધાન થશે, થોડાં જ
દિવસોમાં ઘંટાદિના નાદનું શ્રવણ અનુભવગોચર થશે જ.
સહજ આનંદ સાથે હસ્તામલકવત્ ભેદવિજ્ઞાન થશે.
આત્મદર્શન, આત્મપ્રતીતિ તથા આત્મપરિણમન થશે.
પરમાત્મપદના પરમાનંદ સ્વરૂપ સુખની અનુભૂતિ થશે.
સુધાબિંદુના આસ્વાદનો અનુભવ થશે.
હાથ કંકણને આરસીની શી જરૂર?
વિશ્વાસપૂર્વક મહિનો માસ કરી જોવાથી સ્વાનુભવ થશે.

'શ્રી સિદ્ધહૈમ બૃહદ્વૃત્તિ'માં 'અર્હં' પદની વ્યાખ્યા કરતાં
કહ્યું છે કે : 'प्रणिधानं चाऽनेन सह आत्मनः सर्वतः
संभेदः तदभिधेयेन चाऽभेदः ।
अतएव हि तात्त्विको नमस्कार इति ।'

'અર્હં' પદનું પ્રણિધાન 'સંભેદ પ્રણિધાન' છે.
'અર્હં' વાચ્ય પરમાત્મસ્વરૂપનું પ્રણિધાન તે
'અભેદ પ્રણિધાન' છે, એ જ તાત્ત્વિક નમસ્કાર છે.
અહીં 'એવ' કાર વડે નમસ્કાર અને
અરિહંતનો અભેદ સૂચિત કર્યો છે.

અર્હંકાર લબ્ધિ અક્ષરરૂપે ચૈતન્યસ્વરૂપ પરમાત્મા છે.
મંત્રાક્ષરો પ્રત્યે શબ્દભાવ નહિ પણ બ્રહ્મભાવ રાખવો જોઈએ.
હઠયોગ છેવટ રાજયોગમાં પરિણમે છે.

આત્મા એ જ 'અર્હં', આત્મા એ જ 'ત્રાણ' અને
આત્મા એ જ 'નમો' - નમસ્કારરૂપ છે.
'અહં મમ' એ મોહરાજનો મંત્ર છે.
'નાઽહં ન મમ' એ ધર્મરાજનો મંત્ર છે.

## અર્હંના ૭ દ્વાર કયા?

અર્હંના ૭ દ્વાર : સ્વરૂપ, અભિધેય, તાત્પર્ય, ક્ષેમ, યોગ, પ્રણિધાન અને તાત્ત્વિક નમસ્કાર છે.

સ્વરૂપ: અચ્છેદ્ય-નિયત સિદ્ધચક્રરૂપ તત્ત્વનું પ્રધાન બીજ.
સ્વરૂપથી ચ્યુત ન થનાર ઉત્કૃષ્ટ મંત્રાક્ષર સમ છે.
સંયુક્ત વર્ણોવાળો મંત્ર - 'ર્હ' એ મંત્રાક્ષર છે,
બાકીના અ વગેરે વર્ણો પરિકર છે.

પરિકરયુક્ત મંત્ર કાર્યસાધક છે. મુદ્રા - મંડલાદિ બાહ્ય અને કલા - બિંદુ તથા નાદ એ અભ્યંતર પરિકર છે.

અભિધેય : પ્રથમ પરમેષ્ઠિ, સર્વ જગતહિતકર, અનુપમ સૌંદર્ય, અનેક અતિશય, આમર્ષૌષધિ આદિ લબ્ધિવાન.

તાત્પર્ય: સિદ્ધચક્રનું આદિ બીજ. અંકુર પુણ્યાનુબંધી પુણ્ય, શાખા ભુક્તિ, ફળ મુક્તિ, એ બીજ સર્વ બીજોમાં અગ્રણી.
સર્વ ચક્રોનું સર્વમાન્ય બીજ 'રકાર' છે.

ક્ષેમ - યોગ : રક્ષણ તે ક્ષેમ અને પ્રાપણ તે યોગ.
અર્હં સકલ ભવ્યોના યોગ-ક્ષેમને વહન કરાવવા સમર્થ છે.

અનાદિસિદ્ધ માતૃકાસ્વરૂપમાંથી મનુષ્ય સાક્ષર થાય છે.
માતૃકા - અનાદિ અનંત છે, સિદ્ધાંતનું પરમ પદ છે,
આત્માની પરમ જ્યોતિ છે. બીજમાંથી અંકુરની જેમ
માતૃકાક્ષરોમાંથી સૌ શાસ્ત્રો ઉત્પન્ન થાય છે. માતૃકાનો
દરેક અક્ષર તત્ત્વરૂપ છે. સિદ્ધાન્ત, તર્ક, શ્રુતનાં મૂળ છે.
તેમાં પણ अ, र, ह એ ત્રણ વિશિષ્ટ તત્ત્વો છે,
તેમાં સાક્ષાત્ ભગવાન રહે છે.

अ = ચંદ્રમંડળ - ઈડા, र = અગ્નિમંડળ - સુષુમ્ણા,
ह = સૂર્યમંડળ - પીંગળા.

માતૃકાના ખરા રહસ્યને જાણી, તે ફરી ગર્ભાવાસે ન આવે.
આવા વર્ણો મળીને સંપૂર્ણ શબ્દબ્રહ્મ થાય છે.
માતૃકા મંત્રોની માતા છે અને
'अर्हं' પદ તે અરિહંત પરમાત્માનો શબ્દમય દેહ છે.
તે જ પદમયી દેવતા છે. મંત્ર તથા તેના વાચ્યદેવતા
અપેક્ષાએ અભિન્ન છે. એ કારણે જ મંત્ર પોતે
વાચ્યદેવતાથી થતાં સર્વ કાર્યો કરી શકે છે.

માતૃકા સ્વરૂપનું ફળ નિખિલ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ છે.
કંઠપ્રદેશથી નીકળેલો નાદ મુખકમલથી વર્ણમાતૃકારૂપને
ધારણ કરે છે. તે બાવન અક્ષરરૂપ સ્વર - વ્યંજન છે.

ઋષિમંડલ અને સિદ્ધચક્રની ઉપાસનામાં
અનાદિસિદ્ધ વર્ણોનું ધ્યાન છે, તે વડે
ધ્યાતાને સમગ્ર જ્ઞાનની ઉપલબ્ધિ થાય છે.

આ વર્ણમાતૃકાનું પરા રૂપ 'અ' થી 'હ' પર્યંત અને
અગ્નિબીજયુક્ત 'અર્હં' છે.

'અર્હં' પદ નાદ નાભિકમલમાં અવ્યક્તરૂપથી વિદ્યમાન છે.
માતૃકાના સાધક વડે તે નાદ - બિંદુરૂપ
કંઠથી નીકળીને કલારૂપ મુખથી પ્રકટ થાય છે.

નાદ એ બ્રહ્મારૂપ, બિંદુ વિષ્ણુરૂપ, કલા શિવસ્વરૂપ છે.
અર્હંમાં 'અ' એ અવ્યક્ત નાદરૂપે,
'ર' એ અંતરંગ બિંદુરૂપે અને 'હ' એ પ્રકટ કલારૂપે છે.
નાદમાં પ્રકૃતિની સામ્યાવસ્થા છે,
બિંદુમાં વિચલન છે અને કલામાં પ્રકટન અવસ્થા છે.

ત્રિપદી એ પ્રવચનપુરુષની માતૃકા છે અને
અર્હં એ વર્ણમાતૃકાનું બીજ છે.

દોષાભ્યાસનાશ માટે નાદાનુસંધાનનું આલંબન મહત્ત્વનું છે.

સુસૂક્ષ્મનું અનુસંધાન એ નાદાનુસંધાન છે.
એ ધ્યાનનું પ્રથમ પગથિયું છે.

બ્રહ્મરન્ધ્રમાં અર્હંનું રૂપ અવિચલ હોવાથી તે તાત્ત્વિક આકાર બને છે. તેને ધ્યેયાવેશ - અભેદ પ્રણિધાન પણ કહે છે. ભેદનો સૂક્ષ્મ પણ અંશ ત્યાં રહેતો નથી.

નાદ - બિંદુ - કલા ત્રિતયની એકતા તે દીપ્તતા, મૂલાધારથી ક્રમશઃ ઊર્ધ્વગતિ કરતો અર્હં આકાર તે શુદ્ધતા અને બ્રહ્મરન્ધ્રમાં સ્થિતિ તે પાવનતા - પવિત્રતા છે.

માતૃકાનું બીજ અર્હં આકાર છે,
તેનું સંસ્મરણ તે પદસ્થ ધ્યાનનો જ એક પ્રકાર છે.
સર્વ પદસ્થ ધ્યેયોમાં તે અતિ મહત્ત્વનું છે.
માતૃકાનું સંસ્મરણ કરે, તે સર્વ ધ્યાય.
વર્ણો તેનું સ્વરૂપ છે તથા દરેક વર્ણ મંત્રાકારરૂપ છે.

## સર્વ અને અર્હં

'સર્વ' માંથી 'અ' અને 'ર' નીકળી જતાં 'સ્વ' રહે છે.

'સ્વ' માં 'અ' અને 'ર' ઉમેરતાં 'સર્વ' શબ્દ બને છે.

'અ' અને 'ર' સાથે 'હ' અને 'મ' મળતાં 'અર્હં' થાય છે.

'સ્વ'માંથી સર્વમાં જવાથી 'અર્હં' થવાય છે.

સર્વમાં 'આત્મ' બુદ્ધિ એ 'અર્હં' પદનું બીજ છે.

'અર્હં' પ્રધાન પરમેષ્ઠિવાચક બની પરબ્રહ્મને મળાવે છે.

'ૐ' માં અ થી માંડીને 'મ' સુધીના વ્યંજનો આવી જાય છે.

'અર્હ'માં અ થી હ પર્યંતના વર્ણો આવી જાય છે.

બંને શબ્દબ્રહ્મના પ્રતીક છે, તેમાં

'ૐ' સ્થૂલસૃષ્ટિ અને 'અર્હં' સૂક્ષ્મસૃષ્ટિનાં સર્જક છે.

સ્થૂલસૃષ્ટિમાંથી બહિર્મુખતા અને સૂક્ષ્મસૃષ્ટિમાંથી

બહિર્મુખતાનું મૂળ - અનાહત નાદ ઉત્પન્ન થાય છે.

અનાહત નાદનું પ્રતીક અર્હં અને

તેમાંથી ઉત્પન્ન થતો બહુસ્વરતાનો સંક્ષેપ 'ઓં'કાર છે,

તેથી 'ૐ અર્હં' એ મૂળ મંત્ર બને છે.

ૐમાં પંચપરમેષ્ઠિનો સંગ્રહ હોવાથી તે શબ્દબ્રહ્મ બને.
ૐમાં 'અ'કાર મુખ્ય છે અને બાકી તેનો પરિકર છે,
બાબમાં 'હ'કાર મુખ્ય છે અને બાકી તેનો પરિકર છે.

નાદબ્રહ્મ 'અર્હં' સ્વરૂપ છે અને

'અર્હં'ની સૌથી નિકટ પંચમંગલ છે, કેમકે તે 'અર્હં'ની જ પાંચ પ્રકાર અવસ્થાઓ હોવાથી એનું સ્મરણ તે 'અર્હં'નું જ સ્મરણ છે. 'અર્હં'માં રહેલું આર્હંત્ય અનાદિનિધન છે અને તે પ્રવાહથી અરિહંતોના આત્મદ્રવ્યો દ્વારા વહન થયાં કરે છે. વિશ્વ ગતિમય છે અને તે ગતિ અરિહંતોના સંકલ્પરૂપ નાદબ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ છે. તેમનો સંકલ્પ સર્વ જગદ્વિષયક અને સર્વોત્કૃષ્ટ કલ્યાણરૂપ હોવાથી જીવોને ઊર્ધ્વગમનની ગતિમાં સતત પ્રેર્યા કરે છે. 'અર્હં' એ શુદ્ધાત્માનું સ્વરૂપ છે. પાપનો પ્રણાશ એ ચૈતન્ય પ્રત્યે પ્રતિકૂળતાના પરિણામનો વિનાશ છે.

અક્ષર = મોક્ષ, બ્રહ્મ = કેવળજ્ઞાન.

એ બંનેનો હેતુ હોવાથી અર્હં પણ અક્ષરબ્રહ્મ છે.

ॐ अर्हं नमः।

આત્મસ્મરણ માટેનો આ મહામંત્ર છે.
અન્ય સર્વને છોડી વ્યાપક આત્માને
નમસ્કાર કરવાના અર્થમાં આ મંત્ર છે.

अर्हं - आत्मानम् । હું આત્માનું બહુમાનપૂર્વક સ્મરણ કરું છું. આત્મા, જે શુદ્ધતમ છે અને સર્વનું રક્ષણ કરે છે, તેને નમસ્કાર. 'સર્વસ્વ તેનું છે' એવો નમ્રભાવે નમસ્કાર. એ રીતની અર્થભાવનાપૂર્વક થતું આ મંત્રનું સ્મરણ બહિરાત્મભાવનો નાશ કરવાને માટે તીક્ષ્ણ કુહાડાની ધારનું કામ કરે છે અને તે વડે અંતરાત્મભાવમાં આવીને પરમાત્મભાવનું અત્યંત ભાવપૂર્વક પૂજન થાય છે.

नाद - बिन्दु - कलाऽभ्यासात् ज्योतिरुत्पद्यते पुनः ।
तत्प्राप्तौ च मनुष्याणां जायेत परमं पदम् ॥१॥

'અર્હં' એ નાદરૂપ શબ્દબ્રહ્મ છે.
તેનો આદરપૂર્વક જાપ કરવાથી જ્યોતિબ્રહ્મ અને પછી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે, જે પરમ આનંદરૂપ છે.

## अर्हं મંત્રરાજ છે.

'अर्हं' પદ તે મંત્રદેવતા સાક્ષાત્ જિનેશ્વર છે. अर्हं તે મંત્રાધિપ છે. अर्हं પદમાં અપ્રતીત, અનિરાકૃત અને અલીખિત ધ્યેય છે. મંત્ર વાક્યોનું ધ્યાન તે પદસ્થ છે અને તે ધ્યાન અંતર્વર્તી - અંતર્જલ્પરૂપ છે. પ્રસ્તુતમાં अर्हं પદ પરમેશ્વર - પરમેષ્ઠિનું વાચક હોવાથી શ્રી અરિહંત પરમાત્મા તે વાચકપદરૂપતાને પ્રાપ્ત થયાં છે.

## પ્રશસ્ત સિદ્ધિઓ કોને વરે?

જેના ચિત્તમાં 'अर्हं' શબ્દ સદા સ્ફૂરે છે, તે અર્હંરૂપ શબ્દબ્રહ્મથી પરબ્રહ્મને સહજ રીતે પ્રાપ્ત કરે છે.

अ તત્ત્વ = અભયદાયક - પાપનાશક છે, કંઠે સ્થિત છે.

र તત્ત્વ = રત્નત્રયદાયક - ત્રિવર્ગપ્રાપક, મસ્તકે સ્થિત છે.

ह તત્ત્વ = સર્વકાર્યસાધક - મોહનાશક, હૃદયે સ્થિત છે.

મંત્રોનો સંબંધ સાત્ત્વિક ચિત્તની મનનશક્તિ સાથે છે, પરમાત્મા પૂજા - ભક્તિ આદિથી ચિત્ત સાત્ત્વિક બને છે. ચિત્ત સાત્ત્વિક હોય, તેને જ પ્રશસ્ત સિદ્ધિઓ વરે છે.

'ॐ અર્હં નમઃ ।' એટલે નવકાર મંત્ર (સંક્ષેપ)

અર્હં એ આદ્ય માર્ગદર્શક હોવાથી પરમ ગુરુ છે અને
સ્વયં દેવસ્વરૂપ બનેલા હોવાથી દેવ પણ છે.
વળી દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ અને દાન - શીલ -
તપ - ભાવરૂપી ધર્મના સ્થાપક હોવાથી ધર્મરૂપ પણ છે.
અર્હંના ધ્યાનમાં દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ-
એ ત્રણેનું ધ્યાન આવી જાય છે, તેમ નવે પદોમાં,
પાંચે પરમેષ્ઠિઓમાં અને વીસે સ્થાનકોમાં
પ્રધાન પરમેષ્ઠિ વ્યાપક છે, તેમ અર્હં નવ પદાત્મક છે,
પંચપરમેષ્ઠિ સ્વરૂપ છે અને વિંશતિ સ્થાનકરૂપ પણ છે.
અર્હંપદમાં ધ્યાન કરવા લાયક ધ્યેયમાત્રનો સંગ્રહ છે.

(૧) મૌન રહી અર્હંના જાપ કરવાથી સ્વાર્થસિદ્ધિ થાય.

(૨) છ માસ ભયનો બચાવ થાય.

(3) શુદ્ધ કાઉસગ્ગ કરવાનો અવકાશ મળે.

(૪) મૂર્ખ અને ક્રોધી મનુષ્યના વિરોધથી રક્ષણ થાય.

(૫) નિંદા રૂપી દોષથી આપણો બચાવ થાય.

'ॐ अर्हं' મંત્ર છે પરમાત્માનો નામમંત્ર.

વાસના એ મરણ છે, ભાવના એ अर्हं છે.

'ॐ अर्हं' આ ત્રણ અક્ષરના અદ્ભુત મંત્રમાં સિદ્ધમાં
રહેલાં અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, અક્ષયસ્થિતિ
તથા અવ્યાબાધપદ મેળવી આપવાનું સામર્થ્ય રહેલું છે.
'ॐ अर्हं'ના ધ્યાનપૂર્વક 'नमो अरिहंताणं ।' પદનો
જાપ એ સર્વ શ્રુતનો સાર છે. એમાં ધર્મવિજ્ઞાન,
કર્મવિજ્ઞાન તથા આત્મવિજ્ઞાનના સર્વસ્વનો સંગ્રહ છે.
આત્માને પરમાત્મા બનાવવાની કુંચી 'ॐ अर्हं ।' છે.
આ ત્રણ અક્ષરી નિર્ગ્રન્થ પ્રવચન છે, તે જ અર્થ
અને પરમાર્થ છે, તે સિવાય બધું અનર્થરૂપ છે.
એ ત્રણ અક્ષરીનું ઉચ્ચારણ વૈખરી વડે થાય છે,
તેમાંથી 'અર્હદાકાર ઉપયોગ' રૂપ મધ્યમા પ્રગટે છે,
એમાંથી 'ઉપયોગાકાર આત્મા' રૂપી પશ્યંતી અને
'આત્માકાર પરમાત્મા'ની અનુભૂતિ રૂપી
અંતિમ અવસ્થા પરાવાણીનો સાક્ષાત્કાર થાય છે.

## અર્હં જાપનું ૧૦૮ વાર સ્મરણ

'અર્હં' સ્વરૂપ સર્વજ્ઞ પરમાત્મા મૂર્ત-અમૂર્ત, કલારહિત-
કલાસહિત, સૂક્ષ્મ-સ્થૂલ, વ્યક્ત-અવ્યક્ત, નિર્ગુણ-સગુણ,
સર્વવ્યાપી-દેશવ્યાપી, અક્રિય-ક્રિયા અને નિત્યાનિત્ય છે.

વળી જિનેશ્વરો ત્રણે લોકને પૂજ્ય,
અનંત કરૂણાવાળા, રત્નત્રયને ધારણ કરનારા છે,
તેથી અર્હં એ સર્વ સદ્ગુણોની પ્રાપ્તિનું કારણ છે.
અર્હં જાપનું ૧૦૮ વાર સ્મરણ કરનાર ત્રણે લોકમાં
રહેલા સર્વ શાશ્વત જિનબિંબોના દર્શન, પૂજન અને
સ્તવનથી થનારાં ફળો વડે સ્વયં વરાય છે અર્થાત્
તે તે ફળો તેને પ્રાપ્ત થાય છે.

આ મંત્ર દેવો અને અસુરો વડે નમસ્કાર કરાયેલો છે,
મિથ્યાત્વ રૂપ અંધકારને હરવા માટે સૂર્ય સમાન છે,
તે પરમ સામર્થ્યશાળી અને જિનેન્દ્રતુલ્ય છે.

ૐ = ઊર્ધ્વતાસામાન્ય. હ્રીં = તિર્યક્ સામાન્ય.
અર્હં = શુદ્ધ આત્મદ્રવ્ય. નમ: = શુદ્ધ આત્મપરિણતિ.

## અર્હં મંત્રની અર્થભાવના

વસુધૈવ કુટુંબકમ્ । આખી પૃથ્વી કુટુંબ છે.

મિત્તી મે સવ્વભૂએસુ । મારે સર્વ જીવો પ્રત્યે મૈત્રી છે.

શિવમસ્તુ સર્વ જગતઃ ।

જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ.

અર્હં મંત્રના જાપ - સ્વાધ્યાયાદિ પ્રકટે ૭ ગુણ

આયહિઅપરિણ્ણા[૧] ભાવસંવરો[૨] ણવણવો અ સંવેગો[૩]
નિક્કંપયા[૪] તવો[૫] ણિજ્જરા[૬] ય પરદેસિયત્તં[૭] ચ ।

આત્મહિતપરિજ્ઞા, ભાવસંવર, નવનવો સંવેગ,
નિષ્પ્રકંપતા, તપ, નિર્જરા અને પરોપકારકતા.

ૐ = ઉપયોગ, અર્હં = ઉપગ્રહ.

'ૐ અર્હં' મંત્ર ઉપયોગ - ઉપગ્રહ ઉભય લક્ષણયુક્ત છે.
'ૐ અર્હં નમઃ ।' મંત્ર શુદ્ધ સ્વરૂપનો શાંત રસાકાર તથા તેમાં પ્રબળ નિમિત્ત પ્રધાન પરમેષ્ઠિનો પરમ ઉપકારને જતાવે છે, પાંચે પરમેષ્ઠિમાં અભેદ સમાપત્તિ અને તે દ્વારા થયેલ કે થનાર સિદ્ધિને સૂચવે છે.

આ અરિહંતો ફલસ્વરૂપ હોવાથી તદ્વાચક અર્હં અક્ષર પણ ફલ છે. જ્ઞાનાદિ સર્વજ્ઞ હોવાથી પરફલ પણ છે. વર્ણાત્મક અક્ષરસ્વરૂપ 'અર્હં' એ કૂટાક્ષર મંત્ર છે.

'હં' અક્ષર એ મંત્ર છે.

બાકી વર્ણો તેના પરિકરરૂપ છે, પરિકર ઉદ્દીપક છે.

ઉદ્દીપક એટલે તેથી અર્થ-ક્રિયાના જનક છે.

અ = અ નું ધ્યાન સર્વ પ્રાણીઓને આનંદ આપનારું છે.

ર = ર અક્ષરનું ધ્યાન ત્રિવર્ગને આપનારું છે.

હ = હ અક્ષરનું ધ્યાન સર્વ કાર્યોનું સાધક છે.

૦ = બિંદુનું ધ્યાન મોક્ષદાયક છે.

અક્ષરના ત્રણ પ્રકાર : ભવાક્ષર, ધાત્વક્ષર, મૂલાક્ષર.

અ - હ ભવાક્ષર છે. કુલ ભવાક્ષર (૪૯) છે.

સ્થૂલ હ = અંતિમ વર્ણ, સૂક્ષ્મ હ = અનાહત નાદ.

બાકી વર્ણોની સહાય વિના 'હ' મંત્રાક્ષરનાં ધારણા-ધ્યાન થઈ શકતાં નથી, તેથી 'હ' ને અ થી પુરસ્કૃત, રેફથી યુક્ત અને કલા અને બિંદુ સહિત કરાય છે.

'ॐ अर्हं नमः ।' मंत्रमां... માગસર વદી-૮

ॐ એ દ્રવ્ય, अर्हं એ ગુણ અને નમઃ એ પર્યાય છે.
દ્રવ્ય એ મંગલ - ગુણ એ ઉત્તમ - પર્યાય એ શરણ છે.

ગુણપ્રકર્ષવાન આત્મા તે મંગલ છે,
અચિન્ત્ય શક્તિમાન તે ઉત્તમ છે અને
સર્વદા પરાર્થરસિક તે શરણ છે.
મંગલ, ઉત્તમ તથા શરણ - એ ત્રણે અંતે
નિજાત્મા, ગુણ અને પર્યાય છે.

તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે : 'ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્ ।'

ॐકાર અથવા अर्हंકારનો નાદ કરીને
તેના નાદમાં નાસાગ્ર સ્થાને જાપને ભળવા દેવાથી
સાધકનો પ્રાણ તેમાં લીન થાય છે. કાલનો લક્ષક પ્રાણ,
પ્રાણનો લક્ષક પાદ અને પાદનો લક્ષક નાદ છે.
કરણ, કરાવણ અને અનુમોદનનું સરખું જ ફળ છે.
નાદપૂર્વક જાપ કરવામાં અનુનાસિકની મુખ્યતા રહે છે
અને પ્રાણ તેમાં લયનો અનુભવ કરે છે.

નાદથી વીર્યાંતરાય કર્મો તૂટે છે, જ્યોતિથી જ્ઞાનાવરણીય કર્મો તૂટે અને મોહનીયાદિ દુષ્ટ કર્મો ક્ષય પામે છે.

अर्हं એ નાદરૂપ શબ્દબ્રહ્મ છે.

તેનો જાપ કરવાથી જ્યોતિરૂપ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે, તે પરમાનંદ સ્વરૂપમાં પરિણામ પામે છે.

શબ્દ - અર્થ - પ્રત્યય

(१) अर्हं શબ્દ = સૂત્ર (२) अर्हं અર્થ = અર્થ

(3) अर्हं પ્રત્યય = (સૂત્ર, અર્થ) તદુભય - પ્રતીતિ.

अर्हं એટલે બ્રહ્મ - વિષ્ણુ - મહેશ.

अर्हंની ત્રણ પરમાત્મવાચક હરિ, હર અને બ્રહ્મ-એ ત્રણે શબ્દોમાં अ + र + ह એ ત્રણે અક્ષરો રહેલાં છે.

હરિ = સર્જક, હર = વિસર્જક, બ્રહ્મ = સર્જન.

કર્મ, ધર્મ અને સર્પમાં अ + र् જે વર્ણો રહેલાં છે. તેમાંથી 'अर्' નીકળી જતાં ક, ધં અને સપ શબ્દો બાકી રહે છે. આ રીતે ક ને કર્મ બનાવનાર, ધં ને ધર્મ બનાવનાર અને સપને સર્પ બનાવનાર अर् છે.

ॐ એ નાદનું અને અર્હં એ જ્યોતિનું પ્રતીક છે,
તેને નમસ્કાર એ સત્યનો પક્ષપાત છે.
આજ સુધી અસત્યના પક્ષપાતથી જીવે
જે અનંત ભવભ્રમણ કર્યું છે, તેમાંથી છોડાવનાર
સત્યનો પક્ષપાત છે અને તે 'ॐ અર્હં નમઃ ।'
મહામંત્રના જાપ, સ્મરણ તથા ધ્યાન વડે સધાય છે.

'ॐ અર્હં નમઃ ।' મહામંત્રમાં...

ॐ એ પરમાત્મશક્તિવાચક છે, અર્હં એ પ્રભુની
ધર્મશક્તિનો વાચક છે, નમઃ એ કર્મશક્તિદર્શક છે.
નમઃ અચિંત્ય ક્રિયા છે, કે જે સર્વ પાપનાશક છે,
'અર્હં' એ પ્રેમપૂર્ણ ધર્મશક્તિ છે અને
ॐ એ ભવદુઃખ મિટાવનાર પ્રભુની પરમશક્તિ છે.
ॐ પદ ત્રિપદીનું જ્ઞાન કરાવે છે,
અર્હં પદ ગુણ તથા પર્યાયનો બોધ કરાવે છે અને
નમઃ પદ અધ્યાત્મને વિકસિત કરે છે. નમો પદ વડે
બુદ્ધિજીવીપણાંના અહંકાર દોષને પણ જીતી શકાય છે.

ૐ અગ્નિ એ નાદનું સૂચક છે અને
હ્રીં અમૃત એ જ્યોતિનું સૂચક છે, એમ પણ કહી શકાય.
'હ' એ પુરુષ અને 'अ' એ પ્રકૃતિ છે.
પ્રકૃતિ વક્ર છે, તેથી 'अ'ને વક્રરેખારૂપે સ્થાપન કરાય છે.
अर्हं રેફદ્વયઘટિત હોય, ત્યારે સંપુટ મંત્ર બને છે.
'र' અને 'अ'નો સંપુટ 'ह'ને બળવાન બનાવે છે.
'र' અગ્નિબીજ છે અને 'अ' એ અમૃત છે, તેથી
अर्हंमां પણ મલિનતાને દૂર કે દહન કરવાનું અને
શુદ્ધ તત્ત્વોને સર્જન કરવાનું સામર્થ્ય છે.
એજ રેફવાળો अर्हं પણ મંગલ સ્વરૂપ છે.
તેનો જ્યારે મંત્ર-તંત્રમાં ઉપયોગ કરાય છે, ત્યારે
રેફદ્વયઘટિત કરીને સંપુટ મંત્ર બનાવવામાં આવે છે.
સંપુટ મંત્રનો વિશિષ્ટ પ્રભાવ હોય છે.
अ - र - ह - र - अ - કળા - બિંદુ - નાદ.
આમાં 'ह' એ અર્હત્‌વાચક છે - ભાસ્કર છે,
'र्' એ અગ્નિવાચક અને 'अ' એ અમૃતવાચક છે.

## અર્હંના ગૂઢ રહસ્યનો તાગ પામવો છે?

નવકારના સતત જાપના પરિણામે અર્હંનું ધ્યાન સ્વયં બની જાય છે. અર્હં એ વિજ્ઞાનોનું વિજ્ઞાન, કળાઓની પરમ કળા અને શક્તિઓની પરમ શક્તિ છે. નમસ્કાર વડે જ અર્હંના ગૂઢ રહસ્યનો તાગ મેળવી શકાય છે.

નમો એ નમ્રતા અને કૃતજ્ઞતાદર્શક અવ્યય છે.

નમો એ નમ્રતા, કૃતજ્ઞતા, વિનીતતા વડે
'અહં'ને 'અર્હં' બનાવનાર પારસમણિ છે.

અર્હંનો જે અનાહત નાદ વિશ્વમાં ગુંજી રહ્યો છે, તેનું Receiving Station 'નમો' બને છે. અહંને નમ્યા - નમ્યા જે કષ્ટો આજ સુધી અનુભવ્યાં, તેનો અંત અર્હંને ઉત્કટ ભાવથી નમવા વડે આવી શકે છે.

'ॐ अर्हं' એટલે નિર્ગ્રન્થ પ્રવચનનો સાર - નવનીત.

તે વડે અર્હદાકાર ઉપયોગ એ મધ્યમા વાણી, ઉપયોગથી અભિન્ન પરમાત્માકાર આત્મા એ પશ્યંતી વાણી તથા પરમાત્માકાર આત્મામાં લીનતા એ પરાવાણી છે.

'અર્હં' એ ચિંતામણિ રત્ન છે.

તે તીર્થંકરની એક અતિશાયી શક્તિ છે.

સિદ્ધચક્ર એ યંત્ર છે,

તે સઘળા પુરુષોને આરાધવા માટેનું -

સફળ થવા માટેનું એક વિશિષ્ટ યંત્ર છે.

'અર્હં'ની ભક્તિ વડે સાક્ષાત્ તીર્થંકર દેવ અને

તેમની સેવા પ્રાપ્ત થાય છે.

બહુમાનનું પૂજન પ્રભુ અરિહંતની પત્નીરૂપે કરવાનું છે

અને એ રીતે અષ્ટવર્ગનું પૂજન સમજવાનું છે.

'અર્હં' પદ ત્રિભુવનપૂજ્યતાને દર્શાવે છે,

તે પ્રમોદભાવનું પ્રતીક છે.

પ્રમોદભાવ-અહોભાવ-વિસ્મયભાવ સર્વ એકાર્થક છે.

મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ પ્રકાશકનું ધ્યાન

વિસ્મય, પુલક અને પ્રમોદભાવ વિકસાવનાર થાય,

તો તે ભાવઅનુષ્ઠાનને અમૃતાનુષ્ઠાન બનાવી

અજરામર પદની પ્રાપ્તિ કરાવે છે.

V.V. Imp.

<u>આત્મિક સમૃદ્ધિનો પરમ મંત્ર 'ૐ અર્હં નમઃ।'</u>

સદા સુખી જીવન બનાવવા તથા દુઃખોથી છૂટવાઃ
(૧) તમે પોતાને શરીર નહીં, પરન્તુ આત્મા સમજો.
(૨) સદા માટે પરમ પિતા પરમાત્માને જ યાદ કરો.
આ બે વાતોની જેટલી પક્કી ધારણા કરશો, તેટલો જ
જન્મ - જન્માંતર માટે સર્વદા સુખ, શાંતિ અને
આત્મિક સમૃદ્ધિનો અમર વારસો પામી શકશો.
એ માટેનો પરમ મંત્ર તે 'ૐ અર્હં નમઃ।' છે.

અર્હં એ આત્માનું નામ છે અને
ૐ રૂપી અગ્નિ વડે તેની સઘળી અશુદ્ધિઓ અર્થાત્
આત્માના વૈભાવિક ભાવો બળી જાય છે.
'ૐ' એ માનસિક મૌન - 'અર્હં' એ આત્મિક ધ્યાન છે.
'અર્હં'માં મલિનતાને દહન કરવાનું અને
શુદ્ધતાને પ્રગટ કરવાનું સંપૂર્ણ સામર્થ્ય છે.
'અર્હં'માં 'હ' એ અરિહંતનો વાચક બીજાક્ષર છે,
જેનો બધો પરિકર છે.

દાસોઽહં સોઽહં ૐ અર્હં નમઃ ।  ૨૨-૪-૯૪

'હું દાસ છું આત્માનો, હું અંશ છું આત્માનો,
હું એજ છું આત્માજી...' એમ
શ્રી અરિહંત પરમાત્મા કહે છે, તે મને સર્વાંશ માન્ય છે.
ૐ અગ્નિરૂપ છે અને હ્રીં અમૃતરૂપ છે.
શરીરમાં કુંડલિની જે સ્થળે છે,
તે સ્થળે આત્માના શુદ્ધ આઠ રૂચક પ્રદેશો રહેલાં છે.
કુંડલિની જાગ્રત થાય, ત્યારે શરીરમાં ચારે બાજુ અગ્નિ
(જ્ઞાનધ્યાન જ્યોતિ) પ્રસરે છે અને મલિન - ભૌતિક
તત્ત્વોને ભસ્મીભૂત કરી નાંખ્યા પછી તે ઊર્ધ્વગામિની
બનીને અમૃતસ્રાવ કરે છે અર્થાત્ દિવ્યતા પ્રગટે છે,
બધું શુદ્ધ - સૌંદર્યભર્યું - નવપલ્લવિત થઈ જાય છે.
અનાહત નાદનું શ્રવણ એ જાગૃતિનું સૂચક છે.
એને ફરતાં ૧૬ સ્વરો એ વિદ્યાદેવીનાં વાચક છે.
જેને નાદ અને જ્યોતિ પ્રગટે,
તેને ૧૬ પ્રધાન વિદ્યાઓ સ્વયં પ્રાપ્ત થઈ જાય છે.

પ્રત્યેક મંત્ર તત્ત્વથી નાદસ્વરૂપ છે.

અર્હં આદિ મંત્રો જ્યારે નાદરૂપે પરિણમે છે, ત્યારે પરમાનંદનો અનુભવ થાય છે, જે મંત્રનું તાત્ત્વિક ફળ છે.

અનાહતનો 'અર્હં' શબ્દ અર્થ પણ થાય છે.

ॐ ह्रीँ स्फुटानाहत मूलमंत्रं ।

અર્હં એ સ્પષ્ટપણે અનાહત રૂપી મૂળ મંત્ર છે.

અર્હંમાં તન્મયતા થતાં અ-કાર શબ્દ અનાહત નાદ જે ઉત્પન્ન થાય છે, તે પણ અરિહંત સ્વરૂપ છે.

અર્હંમાંથી જન્મે અનાહત નાદ

અર્હં અક્ષરમાં તન્મયતા થતાં

અનક્ષર શબ્દ અનાહત નાદ ઉત્પન્ન થાય છે.

'ॐ આઁ ह्रीँ અર્હં નમઃ ।' એ મંત્ર છે.

સકલાર્હત = કલા સહિત अ, र, ह અક્ષરો છે.

શબ્દવિજ્ઞાનની દૃષ્ટિએ શ્રેષ્ઠ શબ્દ કયો ?

એ સિદ્ધ હકીકત છે કે : શબ્દવિજ્ઞાનની દૃષ્ટિએ શ્રેષ્ઠ શબ્દ અર્હં - અરિહંત છે.

સં. ૨૦૨૫, ચૈત્ર વદ ૨, Mandvi

'ॐ आँ ह्रीं अर्हं नमः ।'

ઉપાસકોને માટે ઈશ્વરનું કાર્ય પ્રભુ અરિહંતો કરે છે.

ત્રિભુવનનાં સ્વામી

ત્રિભુવનનાં દુઃખો દૂર કરે - યોગક્ષેમ કરે.

'લોગનાહાણં ।'નો અર્થ છે કે:

અપેક્ષિત સઘળું કાર્ય કરે, તે નાથ.

'ભૂર્ભુવઃ સ્વસ્ત્રયીશાનમ્ ।' પદથી

(શાંતિના અર્થીઓ માટે અરિહંતોની શુદ્ધતા અને

જેઓને જેજ વસ્તુઓ) અપેક્ષિત હોય,

તે તે વ્યક્તિ તે તે વસ્તુઓ ઉપર

ધ્યાન આપે અને એ બધાનો સમાવેશ

અર્હત્‌ની ઉપાસનામાં થતો હોય,

પરન્તુ મુખ્ય લક્ષ્ય તો મુક્તિનું જ રહે.

જગમાત્રના દુશ્મન સમા દુર્ગુણો જેણે જીત્યાં છે,

તે ૐ - અર્હં છે.

આ મહાવીરાષ્ટકે જાપઃ કાર્યઃ ।

'ॐ હ્રીં નમઃ ।' ચિંતામણિ મંત્ર લક્ષજાપઃ ।

હ્રીંકાર એ મંત્ર છે. મુખ્ય મંત્રાક્ષર જ હ્રીંકાર છે.

હ્રીં મંત્રના અભેદ ચિન્તનથી મંત્રાર્થની પ્રાપ્તિ અને મંત્રાર્થની પ્રાપ્તિથી 'હ્રીં'નું મંત્રચૈતન્ય પ્રકટ થાય છે.

હ્રીમિતિ સર્વશક્તિ - સર્વાધિષ્ઠાનબોધકમ્ ।

હ્રીંકાર એ સર્વશક્તિમાન અને

સર્વમાં બિરાજમાન પ્રભુનો બોધક છે.

મંત્રશાસ્ત્રમાં સંયુક્તાક્ષરને એકાક્ષર ગણવાનો રિવાજ છે.

હ્રીંકારનું માહાત્મ્ય એ છે કે:

હ્રીંકાર એ હિતકારી, જય - ભદ્ર - કલ્યાણ - મંગલ - સુખ આપનાર, તુષ્ટિ - પુષ્ટિ કરનાર, સિદ્ધિ આપનાર, વિભૂતિનું કારણ, મોક્ષ અને આનંદ આપનાર, કલ્યાણ, શુભ, ધારણ, રતિ આપનાર, મતિ, બુદ્ધિ આપનાર, લક્ષ્મી વધારનાર અને આંતર સંપત્તિનું મૂળ અને મુખ્ય સ્થાન છે.

ॐ ह्रीं अर्हं नमः।

ॐ એ બીજ છે, હ્રીં એ અંકુર છે,

અર્હં એ શાખા છે, નમઃ એ પલ્લવ છે,

મનઃશાંતિ એ પુષ્પ છે, આત્મસાક્ષાત્કાર એ ફળ છે.

હ્રીં મંત્ર વડે મનનું ધ્યાન આત્મતત્ત્વને દોરવા તરફ ઝૂકે છે.

હ્રીં ના ઉચ્ચારણનો કાળ ૩॥ કે ૪ માત્રા છે.

હ્રીં ૩॥ માત્રા = વ્યંજન ૧ માત્રા, હ્રસ્વ સ્વરની ૧ માત્રા, દીર્ઘ સ્વરની ૧ માત્રા, મની ૦॥ માત્રા.

હ્+ર+ઈ+મ = સાડા ત્રણ માત્રાથી આજ્ઞાચક્રની ઉપર આવવાને - ભેદ કરીને કુંડલિનીને ઉપર લઈ જવાય છે.

શબ્દ અક્ષરાત્મક છે, જ્યારે ભાવ અનક્ષરાત્મક છે.

પરમાત્મા શબ્દગ્રાહ્ય નથી, કિન્તુ ભાવગ્રાહ્ય છે.

શબ્દ એ દ્વૈતસ્વરૂપ, જ્યારે ભાવ એ અદ્વૈતસ્વરૂપ છે.

પિંડાક્ષરમાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનનો મેળ રહેલ છે.

દા.ત. સૌભાગ્ય માટે પિંડાક્ષરમાં

ૐકાર એ જ્ઞાતા, હ્રીંકાર એ જ્ઞાન, અર્હંકાર એ જ્ઞેય છે.

'ૐ ह्रीं નમઃ ।' મંત્રમાં ह्रीं એ માયાબીજ છે. તાંત્રિકો
એટલે શાક્તોનો પ્રધાન મંત્ર છે. વેદાન્તીઓ માટે ૐ છે,
તેમ તાંત્રિકો માટે ह्रीं નો જપ શ્રેષ્ઠ છે.

જૈનો માટે નવકાર તથા अर्हं મહા સર્વશ્રેષ્ઠ મંત્ર છે.
ૐ ह्रीं अर्हं નમઃ। માં ह्रीं બીજ, अर्हं શાખા, નમઃ પલ્લવ છે.
મનની શાંતિ પુષ્પ અને ઇષ્ટસાક્ષાત્કાર એ ફળ છે.

ૐ સંબોધન = ઊર્ધ્વતારગામાત્મા, આર્તધ્યાન પરિહાર.
अर्हं વિશેષણ = તિર્યગ્‌ગામાત્મા, રૌદ્રધ્યાન પરિહાર.
નમઃ દ્રાવણ = ધર્મ - શુક્લધ્યાન, બ્રહ્મ મંત્ર પંચાક્ષરી.

નમો = લયયોગ, अरिहं = प्रलययोग - જ્યોતિ,
अर्हं = વર્ણમાતૃકા. ૐ = કલા, ह्रीं = નાદ, अर्हं = બિન્દુ.

प्रवचनમાતા = રત્નત્રયી યુક્ત આત્મા.
નમસ્કૃતિમાતા = પંચ પરમેષ્ઠિમય અરિહંત.
त्रिपदीમાતા = ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યયુક્તં સત્ ।
त्रिपदी એ प्रवचनપુરુષની માતૃકા છે અને
अर्हं એ વર્ણમાતૃકાનું બીજ છે.

# હ્રીંકારના ધ્યાનથી મળે સિદ્ધિઓ

सालम्बाच्च निरालंबं निरालंबात् परात्परम् ।
ध्यानं ध्यायन् विलीनाच्च साधकः सिद्धिमान् भवेत् ॥

પ્રથમ આકૃતિના આલંબનથી ધ્યાન કરવું. પછી આલંબન વિના માત્ર મનોવૃત્તિથી ધ્યાન ધરવું. પછી પરાવાણીને અનુલક્ષી નાભિકમળમાં ધ્યાન ધરવું. પછી ઉલટા ક્રમે ધ્યાન ધરવું. પરાત્પરથી નિરાલંબનમાં અને નિરાલંબનથી આલંબનમાં આવવું. આ રીતે હ્રીંકારનું ધ્યાન કરવાથી સાધકને સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

હ્રીં લેખા પ્રત્યેકની ભિન્ન છે.

'હલ્લેખા' ભિન્ન હોવાથી નામ-રૂપમાં ભેદ પડે છે.

હ્રીં વશ્યબીજ અથવા માયાબીજ છે.

શક્તિકૂટ Basic pattern હલ્લેખા નાભિસ્થાને છે.

શક્તિકૂટ - શક્તિગૃહ = magnet.

કહ્યું છે: हृींकार मूर्तिः । वाच्यवाचकताऽभेद संबंधेन
हृींकारः मूर्तिः विग्रहो यस्या देवतायाः सा ।


## રત્નત્રયરૂપ માયાબીજ હ્રીઁકાર

મંત્રરાજ રહસ્યમાં કહ્યું છે કે:

જે પંચ પરમેષ્ઠિ, ૨૪ જિનેશ્વરો અને જ્ઞાનાદિ રત્નત્રયરૂપ માયાબીજ હ્રીઁકારને લક્ષ્ય બનાવીને હૃદયમાં જેનું ધ્યાન ધરે છે, તે શ્રી મહાવીર પરમાત્માનું હૃદયમાં ધ્યાન કરનાર શ્રી ગૌતમ અને સુધર્મા ગણધર જેવી શાખ છે.

## હ્રીઁકાર શું આપે છે?

તત્ત્વત્રયી, રત્નત્રયી, પંચભૂત, ૪ લોકપાલ, ૧૦ દિક્પાલ, ૯ ગ્રહથી સુરક્ષિત, સર્વ સિદ્ધિઓને આપનાર હ્રીઁકાર છે.




હ્રીઁકાર બીજમાં પંદરીયો યંત્ર

હું = ધ્યાતા, તું = ધ્યાન, તે = ધ્યેય. 'માતૃકા' અર્થાત્...
માતિ = ઉત્પત્તિ, તરતિ = વિસ્તાર, કાયતિ = નાદ.

ઋષિમંડલ = ઋષિઓનો સમુદાય.

હ્રીંકાર એ જિનાવલિ તથા પંચપરમેષ્ઠિ ઋષિસ્વરૂપ છે,
એ જિનસ્વરૂપ છે, શક્તિ અને શિવમય,
ત્રિગુણ મૂર્તિ = બ્રહ્મા - વિષ્ણુ - મહેશરૂપ ધ્યેય છે.
હ્રીંકાર જિનાવલિમય તથા પંચ પરમેષ્ઠિમય છે.
અર્હં એ સ્થાપનજિન તથા પરમેષ્ઠીજિન પણ છે.
વિશ્વનું કલ્યાણ કરવામાં અર્હં એ
તીર્થંકરસ્વરૂપ છે, ભુક્તિ - મુક્તિદાયક છે, તેથી
અર્હંને વિશુદ્ધ મનમાં નિશ્ચલ રીતે સ્થાપવો જોઈએ.
તિર્યંચો પણ જે મંત્રની આરાધનાથી સ્વર્ગને પામે,
તો પછી બુદ્ધિમાન મનુષ્ય તો શું ન પામી શકે?

મિથ્યાદૃષ્ટિને ઋષિમંડલનો મંત્ર આપવાથી શું થાય?
તીર્થંકરોની આશાતના અને પદેપદે બાલહત્યાનું પાપ.

ગ્રન્થિભેદથી વધતાં જાય ગુણસ્થાનકો : મંત્રના સૂક્ષ્મ
ઉચ્ચારણથી ગ્રન્થિ ભેદાતાં જ સમ્યગ્દર્શન, દેશવિરતિ,
સર્વ સંયમ તથા અપ્રમાદાદિ ગુણસ્થાનકો વધતાં જાય.

## હ્રીંકારનું માહાત્મ્ય

હ્રીંકાર બહુ મહાશક્તિશાળી બીજમંત્ર છે.
એનાથી ધર્મ, અર્થ, કામની સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.
'ૐ' એ બ્રહ્મબીજ છે અને
હ્રીંકાર એ માયાબીજ છે.
હ્રીંકાર બધા મંત્રોનો રાજા છે.
એના એક લાખ જાપથી ઇષ્ટસિદ્ધિ થાય છે.
વિસ્તારને ટૂંકું રૂપ આપવું અને
એને ઘટ્ટ બનાવવું, એ મંત્રનું કાર્ય છે.
મંત્ર વડે ગુપ્ત મંત્રણા થાય છે.

## હ્રીંકારના પાંચ અવયવો

પહેલો અવયવ હ્ અને ર્ - એ બે વ્યંજનો પીતવર્ણે,
બીજો બિન્દુ શ્યામવર્ણે, ત્રીજો અવયવ કલા રક્તવર્ણે,
ચોથો નાદ શ્વેતવર્ણે અને પાંચમો દીર્ઘ ઈકાર નીલવર્ણે.
તેમાં ચોવીસ જિનેશ્વરો છે અને
એ બધાના પ્રતિબિંબ રૂપ અરિહંત પરમાત્મા છે.

તંત્રમાર્ગમાં હ્રીંકારનું મુખ્ય મહત્ત્વ છે.
ૐકાર એ સચ્ચિદાનંદવાચક છે અને
હ્રીંકાર એ માયા - પ્રકૃતિસંકેત છે.
ૐ પુરુષ પ્રધાન તથા જાણે પ્રકૃતિ પ્રધાન છે.
હૃદયરૂપી આગારમાં નિવાસ કરનારી શક્તિ તે હ્રીં,
તે ત્રિગુણાતીત - નિર્ગુણ છે, બ્રહ્મસ્વરૂપા છે.
હ્રીંકાર એ હૃદયાકાશમાં પ્રકાશનું નિર્માણ કરનાર
નિરતિશય આનંદરૂપ ચિત્ શક્તિ છે.
હ + ર્ + ઈ = સ્થૂલ, સૂક્ષ્મ, કારણ - ત્રણ શરીર
અને તેના ઉપર ચંદ્ર - કલા - બિન્દુ, તે તુરીયભાવ.
હ = પાર્શ્વ, ર્ = ધરણેન્દ્ર, ઈ = પદ્માવતી,
કલા = કૃપા, બિન્દુ = મહિ, જે અનુક્રમે
ઉપાસના - સાધના - આરાધના - આચાર - લક્ષ છે.
ૐ હ્રીં = રાગવિજયી મંત્ર થઈને આરોગ્ય આપે.
અર્હં = દ્વેષવિજયી મંત્ર થઈને બોધિ આપે.
નમઃ = મોહવિજયી મંત્ર થઈને સમાધિ આપે.

'ॐ ह्रीं अर्हं'નો એક લાખ જાપ રાણકપુરમાં પ્રભુ પ્રતિમા
સન્મુખ કરવાના પરિણામે બાર ઉપવાસના દિવસે
નીચેના ૭ નિર્ણયો મને સ્ફુર્યા છે:

(૧) 'શિવમસ્તુ સર્વ જગતઃ ।'ની ભાવના
તીર્થંકરત્વનું મુખ્ય બીજ છે.

(૨) આત્મસમદર્શિત્વ એ સિદ્ધપણાનું મુખ્ય બીજ છે.

(૩) આત્મસમદર્શિત્વ જેના જીવનમાં સિદ્ધ થયું હોય, તે
જ 'સોऽहं ।'નો જાપ કરવાનો મૂળ અધિકારી છે.

(૪) સમવસરણની ઋદ્ધિ = શિવમસ્તુની ભાવનાનું ફળ.

(૫) વચનના ૩૫ અતિશયો કરુણા ભાવનાનું ફળ છે.

(૬) મૈત્રી ભાવનાનું ફળ સર્વહિતતા છે.

(૭) માધ્યસ્થ્ય ભાવનાનું ફળ વીતરાગતા છે.

'ॐ अर्हं नमः ।' અદ્‌ભુત મંત્ર છે.
अर्हंના અગ્નિબીજનો જાપ પ્રકાશ અને ધુમાડો કરે છે.
તેની જ્વાળા કર્મોને બાળી નાંખે છે,
તે ધુમાડાને દેવો પણ સહન કરી શકતાં નથી.

'ॐ ह्रीं श्रीं अर्हं नमः ।' મંત્રમાં...

ॐकार આર્તધ્યાન નિવારવા, ह्रींकार રૌદ્રધ્યાન નિવારવા,

श्रींकार ધર્મધ્યાનની પુષ્ટિ માટે,

अर्हंकार શુક્લધ્યાનની પુષ્ટિ માટે અને

નમઃકાર સિદ્ધત્વની પ્રાપ્તિ માટે છે.

'ॐ' એ પંચ પરમેષ્ઠિવાચક,

તેના અંદર 'ह्रीं' ૨૪ તીર્થંકરવાચક,

તેના અંદર 'श्रीं' ગુણવાનવાચક,

તેમાં 'अर्हं' આત્મવાચક, તેમાં 'નમઃ' પરિણતિવાચક છે.

'ॐ अर्हं नमः ।' મંત્રમાં...

ह = પરમાત્મા છે.

ऽ = જાગૃત કુંડલિની છે.

ॅ = ઊર્ધ્વરેફ = રત્નત્રય છે.

। = અધોરેફ = કર્મદલન છે.

કળા = યોગસિદ્ધિઓ છે તથા

બિન્દુ = શુદ્ધ આત્મા છે.

ॐ अर्हं नमः।

આ મંત્રનો અર્થ નીચે પ્રમાણે છેઃ

ॐ એ નાદ છે, अर्हं એ રૂપ - જ્યોતિ છે અને

नमः એ તદ્રૂપપરિણતિ છે.

'ॐ ह्रीं अर्हं नमः।' એટલે સિદ્ધચક્ર મંત્ર (સંક્ષિપ્ત)

એ સિદ્ધચક્રનું બીજ - પ્રથમ પરમેષ્ઠિ નમસ્કાર પણ છે.

નમસ્કાર મહામંત્રનું પ્રથમ પદ - 'नमो अरिहंताणं'નું

જ સંસ્કૃત રૂપાંતર પણ તેને કહી શકાય.

नमो = ॐ તથા ह्रीं = रि + हं ની સંધિ.

ह्रीं અને अरिहं - એ બેનું રૂપ = अर्हं.

એ રીતે નવકારના પ્રથમ પદનું જ સંસ્કૃત રૂપ

એટલે 'ॐ ह्रीं अर्हं नमः।' મંત્ર છે.

'अर्हं' મંત્ર પ્રથમ પરમેષ્ઠિ - અરિહંતનું વાચક છે,

સમવસરણસ્થ જિનનું ધ્યાન તે એના ધ્યેય છે.

ભવ્યોને અરિહંતોનું ધ્યાન હોય,

કિન્તુ અરિહંતોના ધ્યાનનું ધ્યાન ન હોય.

## ॐ ह्रीं अर्हं नमः । मंत्र शुं निवारे ?

ॐ આર્તધ્યાન નિવારક છે, ह्रीं રૌદ્રધ્યાન નિવારક છે,
अर्हं ધર્મધ્યાન પ્રવર્તક છે, નમઃ શુક્લધ્યાન પ્રકાશક છે.
અથવા ॐ વડે આર્ત - રૌદ્રધ્યાન નિવારણ થાય છે,
अर्हं વડે ધર્મ - શુક્લધ્યાનનું પ્રવર્તન થાય છે,
નમઃ વડે સમાપત્તિની પ્રાપ્તિ થાય છે.

'अर्हं' શબ્દ વડે 'અહં'નું કોચલું ફૂટે છે અને
આત્મદર્શનનું અમૃતપાન થાય છે, માટે તે મહામંત્ર છે.
अर्हं એ શબ્દબ્રહ્મ છે, તેથી તે સક્રિય અને શાશ્વત
most dynamic - તત્ત્વસેતુ રૂપ બનીને ધ્યાતાને
મુક્તિ અને બુભુક્ષુને ભુક્તિ આપે છે.

| | | | |
|---|---|---|---|
| ઇ - ઈ | = | સંબોધિની | ॐ ह्रीं |
| ઉ - ओ | = | ઉદ્‌બોધિની | आँ क्लीं |
| એ - ઐ | = | પ્રબોધિની | ऐँ अर्हं |
| ओ | = | ઉદ્‌બોધિની | नमः । |
| औ | = | અવબોધિની | |

'ॐ ह्रीं अर्हं नमः ।' દર્શન કરતે શું ભાવ ભાવવા ?

'અહો ! ત્રિલોકનાથ ! અનંત સુખદાતાર !
પરમાત્માના સાક્ષાત્ દર્શન મને મળ્યાં, એથી
મારા આત્માના પરમાત્મસ્વરૂપ તરફ મારી દૃષ્ટિ જશે,
રાગાદિની ગુલામી અને એની વિટંબના સમજાશે.
ધન્ય પરમાત્મ દર્શન !'

એ જાતિનો ભાવોલ્લાસ જગાડવો જોઈએ.

શ્રી સિદ્ધચક્રના બીજરૂપ 'અર્હં' બીજાક્ષરને
આજ્ઞાચક્રમાં સ્થાપના કરી ચંદ્રજ્યોતિ ઉજ્જ્વલ પ્રકાશમય
એવા કુંભક પ્રાણાયામમાં ધ્યાન કરવું.

અ = શબ્દબ્રહ્મનો આદિ અક્ષર અને અમૃતનો આગાર.

હ = અનાહત અને ગગનબીજ.

ર = અગ્નિબીજ, આઠકર્મ દહન કરનાર રત્નત્રયવાચક.

બિન્દુકલા = પરબ્રહ્મ સિદ્ધસ્વરૂપ.

અર્હં - રત્નત્રયનો પ્રતીક : અ = અમૃત (સમ્યગ્દર્શન),
ર = અગ્નિ (સમ્યગ્જ્ઞાન), હ = આકાશ (સ. ચારિત્ર).

ॐ = અગ્નિ - ધ્યાન, હ્રીં = અમૃત - સમતા,
અર્હં = આત્મા - શાંતિમય.

ૐ એ નિરાકાર સ્વરૂપ સાદૃશ્યાસ્તિત્વનો બોધક છે અને અર્હં એ સાકાર સ્વરૂપ સ્વરૂપાસ્તિત્વનો બોધક છે. સાદૃશ્યાસ્તિત્વ એ જીવસમત્વ સ્વરૂપ હોવાથી વૈર-વિરોધનો શામક અને સ્વરૂપાસ્તિત્વ એ સર્વ જીવ-પર્યાયોમાં સમત્વરૂપ હોવાથી સર્વ કામનાનો શામક છે. 'નમઃ।' પદ સર્વ ગુણીની અનેકાધિકરણતાને ઉદ્દેશીને હોવાથી તે સર્વ ગુણીમાં એકાધિકરણતાને સૂચવે છે.

દુર્ધ્યાન રૂપી પિશાચોની ઉત્પત્તિ વિષમતાધર્મના વિચારમાંથી થાય, તેનો નિગ્રહ ત્રિવિધ સમતાધર્મથી થાય,
જેને જણાવનાર ત્રિપદ રૂપી મંત્ર
'ॐ અર્હં નમઃ।' પાંચ અક્ષરોનો થાય છે,
તેનું મનન, ચિન્તન, નિદિધ્યાસન એ મોક્ષનો માર્ગ છે.

ૐ = ક્ષાન્તતાપ્રદાયક, અર્હં = દાન્તતાપ્રદાયક,
નમઃ = શાંતતાપ્રદાયક.

'હ્રૂં' એ પણ ગરૂડમંત્ર છે.
ઉપનિષદમાં કહ્યું છે કે:
ભગવાનનું પહેલું નામ 'હ્રૂં' હતું,
ૐ પણ પાછળથી આવેલ છે.
अक्खर आइ अंकारं हंकारं मंतक्खरं च अन्तिए ।
मज्झे वण्ण संजुत्तं रयणत्तयमुत्तिरं अरहं ॥१॥
શ્રુતિ અને મંત્ર એ સાધન છે, સ્વરૂપ એ સાધ્ય છે.
अर्हं વડે આત્માનું ધ્યાન થાય છે.
ૐ વડે કર્મદાહ અથવા વિઘ્નનાશ થાય છે અને
હ્રીં વડે અમૃતપ્લાવન કે પરમાનંદની પ્રાપ્તિ થાય છે.
अर्हं એ કુંડલિની ઉદ્ઘાટક આવેગ છે, તે પરાવાણી છે.
અધોરેફ તે અધોમુખ શક્તિ છે અને
ઊર્ધ્વરેફ તે ઊર્ધ્વમુખગમન છે.
પરમેષ્ઠિને નમસ્કાર પ્રાર્થના સહિત હોવો જોઈએ.
નમસ્કાર ઉપરાંત નામસ્મરણથી ચિત્તશુદ્ધિ થાય છે.
'અશુદ્ધિ' એટલે સંસારના વિષયો તરફ આકર્ષણ.

અર્હંના પાંચ અંશો = અ + ર + હ + બિંદુ + નાદ.

નાદ અંશમાં અર્ધચંદ્ર, નિરોધિકા, નાદ, નાદાંત,
શક્તિ, વ્યાપિની, સમના અને ઉન્મના અવાંતર અંશો છે.

નાદ = અવ્યક્ત ધ્વનિ = અનાહત = સુસૂક્ષ્મ ધ્વનિ.

નાદનું અધિષ્ઠાન સુષુમ્ણા છે. મૂલાધારમાં રહેલ
શક્તિ સાથે એ નાદ ત્યાંથી ઉત્થિત થાય છે.
ઉત્થિત થઈને, પ્રબોધ પામીને
સ્વપ્રભાવક ઊર્ધ્વશક્તિ વડે તે નાભિકંદ આદિ
ગ્રન્થિઓને ભેદતો પ્રાંતે બ્રહ્મરન્ધ્રમાં વિશ્રાન્ત થાય છે.
સતત ઉદિત અને કદી અસ્ત ન પામનારું
એવું જે સ્ફુરણ, તે જ નાદનું મૂળસ્વરૂપ છે.

અર્હં અક્ષર એ સર્વ વર્ણ, મંત્ર, પદમાં શિરોમણિભૂત છે.
સર્વ દેવો તેને નમે છે. સૂક્ષ્મ જ્યોત અંધકારને હરે છે.
અકાર, રકાર, હકાર, બિંદુ, નાદ અને કલા -
એ છ મળીને જ્ઞાનજ્યોતિ પ્રકટાવે છે.
અર્હં પદ વડે સર્વ અરિહંત પ્રભુનું ધ્યાન થાય છે.

## અર્હં તે પદમયી દેવતા

શ્રી અરિહંત પરમાત્માથી કથંચિત અભિન્ન એવું
વાચ્ય અથવા પદ, જે અર્હં છે,
તે સ્વયં પદમયી દેવતા છે.
પદ પોતાની સ્થૂલ અવસ્થામાંથી નીકળીને જ્યારે
સૂક્ષ્મ અવસ્થાને પ્રાપ્ત કરે છે, ત્યારે
તે જ દેવતાસ્વરૂપ બની જાય છે.
પદની સૂક્ષ્મ અવસ્થા વિમર્શરૂપ છે.
વિમર્શનું તાત્વિક સ્વરૂપ નિર્વિકલ્પ જ્ઞાન છે,
તેને જ તાત્વિક મંત્રદેવતા,
મંત્રમયી દેવતા યા પદમયી દેવતા ઇત્યાદિ છે.
અર્હં એ સુસૂક્ષ્મ ધ્વનિરૂપ છે.
તેને અનાહત નાદ કે અવ્યક્ત ધ્વનિ ઇત્યાદિ છે.
અર્હં મંત્રરાજના હ્રસ્વાદિ ધ્યાનથી
વાર્દ્ધવૃદ્ધિ વડે કર્મનો હ્રાસ - મોક્ષનો લાભ થાય છે.
હ્રસ્વ = વચનસિદ્ધિ, દીર્ઘ = કાર્યસિદ્ધિ, પ્લુત = દારિદ્ર્યનાશ.

'અર્હં' અક્ષર આત્મસ્વરૂપની અનુભૂતિમાં પ્રધાનરૂપ છે.

હ્રસ્વમાત્રાના ધ્યાનથી વચનસિદ્ધિ,
દીર્ઘમાત્રાના ધ્યાનથી કાર્યસિદ્ધિ અને
પ્લુતમાત્રાના ધ્યાનથી નિર્ધનતાનો નાશ થાય છે.
કમલદલ ધ્યાને ઉપશમશ્રેણી અને
સ્વરૂપ ધ્યાને ક્ષપકશ્રેણી મંડાય છે.

બીજ અર્હં અક્ષર સર્વ વર્ણમય છે અને
માતૃકાના પ્રત્યેક વર્ણ તત્ત્વ છે, તેમ અ - ર - હ
૩ તત્ત્વો એવાં છે કે જેમાં સર્વસ્વ પરમાત્મા રહે છે.

| | |
|---|---|
| અ = આનંદપ્રદ, અમૃતમૂર્તિ છે. | કંઠ |
| ર = ત્રિવર્ગ અને રત્નત્રયની પ્રાપ્તિ. | મૂર્ધા |
| હ = સર્વ કાર્યસાધક અને મોહનાશક છે. | હૃદય |
| ૦ = મોક્ષદાયક અને નિર્વાણસાધક છે. | નાસાગ્ર |

આવા વર્ણવાળા અદ્ભુત 'ૐ અર્હં' મંત્રનું કાર્ય
આ મંત્ર ઉત્કૃષ્ટ ધ્યાનશુદ્ધિ કરાવી સ્વાત્માથી
અભિન્ન અને આત્યન્તિક સુખાનુભૂતિ કરાવે છે.

## 'ह्रीं अर्हं' ચમત્કારીક મંત્રનો જાપ

કોઈપણ જાતના સરકારી બંધન અથવા કારાવાસમાંથી છૂટવા માટે ह्रीं अर्हंનો જાપ રામબાણ ઉપાય છે.
સિદ્ધાસન, ભ્રૂમધ્યમાં ઉપયોગ અને ह्रीं अर्हंનો જાપ-એ ત્રણે વસ્તુ પણ ધ્યાનના અભ્યાસમાં ઉપકારક છે.
ભ્રૂમને ઓંકારથી વાંટવું, ભાલસ્થળમાં ◡ કળા અને તેના ઉપર જે બિંદુ છે, તે સ્થાને अर्हंની કલ્પના કરવી.
ॐ બોલતાં ह्रींની કલ્પના અને अर्हं બોલતાં બિંદુમાં ઉપયોગ જવો જોઈએ. એથી સ્થિરતા આવે છે.

ॐ બોલતી વખતે શ્વાસ લેવો અને
अर्हं બોલતી વખતે શ્વાસ મૂકવો,

મનમાં બીજું કાંઈ જ ચિન્તવવું નહીં. ભ્રૂમ સ્થાને પાંચ અનુત્તર કલ્પવા, એ રીતે 'ह्रीं अर्हं'નું ધ્યાન કરવું.
તેમાં ધ્યાનના સર્વ પ્રકાર સમાઈ જાય છે. તે કહે છે:

વિશ્વવ્યવસ્થાને ન માનવી, તે આર્તધ્યાન છે,
તેને બદલાવવા ઉગ્ર થવું, તે રૌદ્રધ્યાન છે.

## ૐ અને અર્હંની જુગલબંધી

(૧) ૐ = બાહ્યભાવનો સંકલ્પ બહિરાત્મભાવનો ત્યાગ.

(૨) અર્હં = અંતરભાવનિમજ્જન, અંતરાત્મભાવસ્થિતીકરણ.

(3) નમઃ = પરમાત્મભાવમાં પરિણમન, વિસ્મૃતીકરણ.

(૧) ૐ એ મંત્ર છે, તેના દ્વારા સંકલ્પ તથા
બહિરાત્મનો સંપૂર્ણ રીતે ત્યાગ થાય છે.

(૨) અર્હં એ યંત્ર છે, તેના દ્વારા નિમજ્જન ઉપરાંત
અંતરાત્મભાવનો સ્વીકાર થાય છે.

(૩) નમઃ એ તંત્ર છે, તેના દ્વારા વિસ્મૃતીકરણ તથા
અભેદભાવનું ભાવન થાય છે.

ૐ વડે વૃત્તિના વિષયો પ્રત્યે અનાસક્તિ,
અર્હં વડે વૃત્તિઓ પ્રત્યે જાગૃતિ તથા
નમઃ વડે જાગૃતિ પ્રત્યે સાક્ષીભાવ આવે છે.
સાક્ષીની સ્મૃતિમાં અંદર પ્રવેશનું દ્વાર ખૂલે છે,
સાક્ષીભાવ તે વીતરાગભાવ છે.
લોકાલોકપ્રકાશકતા તે સર્વજ્ઞતા છે.

## પરમાર્થ કોને પ્રગટે ?

'અર્હં' એ શબ્દ છે. 'પ્રધાન પરમૈશ્વર્ય' એ તેનો અર્થ છે. અર્હં પ્રધાન પરમૈશ્વર્ય આકાર ઉપયોગ, તે પ્રત્યક્ષ છે. એ ઉપયોગ વ્યવહારથી પ્રધાન પરમૈશ્વર્યને સ્પર્શે છે તથા નિશ્ચયથી આત્મગુણ છે, એ નિશ્ચય અર્થપ્રયોજનભૂત છે, તેને પુનઃ પુનઃ ભાવિત કરવાથી પરમાર્થ પ્રગટે છે.

ભાવિત પરમાર્થનો અર્થ - ઐદંપર્યાર્થ : જ્ઞાનાકાર પરિણામ પામેલો પોતાનો આત્મા અર્થાત્ સ્વ જ અર્હં છે.

ઐદંપર્યાર્થ = પરમાર્થ = પ્રયોજનભૂત = અર્થ.

નિમ્નલિખિત પદ્યનો શાસ્ત્રીય અર્થ

અરિહંત પદ ધ્યાતો થકો દવ્વહ ગુણ પજ્જાય રે,
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે...

અર્થાત્ : 'અર્હં' પદનું ધ્યાન દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી અરિહંતને જાણવો છે અને દ્રવ્ય - ગુણ - પર્યાયથી અરિહંતાકાર જ્ઞાન સ્વસ્વરૂપ જ હોવાથી તે સ્વરૂપમાં પરિણમેલો આત્મા પોતે જ અરિહંતસ્વરૂપ બને છે.

## અર્હં શબ્દની ગર્ભિત પ્રક્રિયા

પ્રથમ પદમાં દેવતારૂપ અર્હં શબ્દનો અક્ષરરૂપે, તે પછી તેના અર્થનો અભિધેયરૂપે અને તે પછીના જે પ્રત્યયાવસ્થા તેનો એકતાવીલનરૂપે નિર્દેશ છે. આ રીતે શબ્દ, અર્થ, પ્રત્યયના આલંબનરૂપ પ્રક્રિયા ગર્ભિત છે.

સ્વરૂપ, અભિધેય, તાત્પર્ય અને તત્ત્વ.

અ + ર્હ + ર + બિંદુ + નાદ.

નાભિ - હૃદય - ઘંટિકા - ભ્રૂમધ્ય - લલાટાગ્રથી બ્રહ્મરંધ્ર.

હ્રસ્વ - દીર્ઘ - પ્લુત - સૂક્ષ્મ - અતિસૂક્ષ્મ (સુસૂક્ષ્મ).

૧ - ૨ - ૩ - ૧/૨ - ૧/૨થી કાંઈક ન્યૂન.

દેવતા = યોગક્ષેમવાહક જ્યોતિર્મય શક્તિવિશેષ.

પદ એ જ દેવતા છે અથવા પદ એ જ કથંચિત્ અભેદ સંબંધથી વાચ્યદેવતાની મૂર્તિ યા શરીર છે.

'ૐ અર્હં ।' 'નાણી તિહિં ગુત્તો ।'

જ્યાં ત્રણેથી ગુપ્ત હોય, તે જ્ઞાની છે.

'જ્ઞાની' શબ્દથી આત્મજ્ઞાન ગ્રહણ કરવું.

મંત્રરાજના હ્રસ્વાદિ ધ્યાનથી વચનસિદ્ધિ દ્વારા
આત્મા કર્મનો નાશ કરી અંતે મોક્ષને પામે છે.

'અર્હં'માં બધા મંત્રો સમાઈ જાય છે અથવા
એમાંથી બધા મંત્રો જન્મે છે.

પરતત્ત્વ સ્વરૂપ 'અર્હં' અક્ષરનું જો પ્રભુથી પણ અધિક ભાવે પ્રણિધાન કરવામાં આવે, તો તે અક્ષર આત્મસ્વરૂપની અનુભૂતિમાં પ્રધાનહેતુ થઈ જાય છે.

સૂક્ષ્મ ધ્વનિસ્વરૂપ 'અર્હં' નાદ, અનક્ષર ધ્વનિ, અનાહત આદિ પર્યાયો છે. બ્રહ્મરંધ્રમાં લીન થતું નાદરૂપ અર્હં એ જ તાત્ત્વિક અનક્ષર ધ્વન્યાત્મક અક્ષર છે.

તાત્ત્વિક અક્ષરના હેતુભૂત હોવાથી
પૂર્વાવસ્થાઓમાં પણ તેને 'અક્ષર' કહે છે.

માતૃકા નાદમાંથી ઉત્પન્ન થાય છે.

શબ્દબ્રહ્મ - પરબ્રહ્મરૂપ 'અર્હં'- અક્ષર, બ્રહ્મ, કેવળજ્ઞાન, અરિહંત, સિદ્ધ, આત્મસ્વરૂપ, મોક્ષ વગેરે.
અર્હં અક્ષર શબ્દબ્રહ્મરૂપ છે, સર્વ વર્ણમય - માતૃકામય છે.

બિંદુ અને નાદના સંયોજન વિના
મંત્ર કેવળ વર્ણના સમૂહરૂપ જ છે, તેથી
આત્મજ્ઞાનનો આંતરિક પ્રકાશ ઉત્પન્ન થતો નથી.
ઉદ્દીપક આદિ પરિકર સહિત જ મંત્ર ફળે છે.

અર્હં મંત્રની વિશિષ્ટ ઓળખાણ

અર્હં શબ્દ એ મંત્ર છે.
અર્હં અર્થ એ ઉપયોગ છે - અર્હદાકાર.
અર્હં ઉપયોગ એ તત્ત્વ છે - તિર્યક્સામાન્ય.
અર્હં તત્ત્વ એ સ્વસ્વરૂપ છે - ઊર્ધ્વતાસામાન્ય.
મંત્રનું સ્વરૂપ : વૈખરી, બ્રહ્મમયી, નાદમયી, વાચિક.
મંત્રનું અભિધેય : મધ્યમા, મનોમયી, અર્થમયી, વૈકલ્પિક.
મંત્રનું તાત્પર્ય : પશ્યન્તી, વિજ્ઞાનમયી, તત્ત્વમયી - સામાન્ય.
મંત્રનું તત્ત્વ : પરામયી, આનંદમયી, સ્વરૂપમયી - વિશેષ.
ત્રણ પદ અને પાંચ અક્ષરનો મહામંત્ર 'ૐ અર્હં'
અચિન્ત્ય ચિન્તામણિ, અપૂર્વ કલ્પવૃક્ષ અને
અદ્વિતીય કામધેનુની ઉપમાને સાર્થક કરે છે.

'ॐ अर्हं नमः ।' મંત્રમાં ॐ એટલે સંગ્રહનય વડે
ઉર્ધ્વતાસામાન્ય અને તિર્યક્સામાન્યરૂપ આત્મદ્રવ્ય,
अर्हं એટલે સર્વોત્કૃષ્ટ શુદ્ધ આત્મપર્યાય અને
નમઃ એટલે શુદ્ધ આત્મદ્રવ્ય અને પર્યાય સાથે
તન્મયભાવે મળેલો શુદ્ધોપયોગરૂપ પર્યાય.
अर्हं = નોઆગમથી ભાવનિક્ષેપ રૂપી પર્યાય અને
નમઃ = એ આગમથી ભાવનિક્ષેપ રૂપી પર્યાય.
'अर्हं' એ શબ્દ, સાંકેતસ્મરણા વડે
અરિહંતપરમાત્માનું જ્ઞાન કરાવે છે તથા
અર્હદાકાર ઉપયોગને જણાવે છે.
ॐ अर्हं नमः । એ મંત્ર 'અહં'ને છોડીને
વ્યાપક આત્માને સ્વીકારવાના અર્થમાં છે.
મંત્રના શબ્દોનું આલંબન લેવાથી આત્મામાં રહેલી
શક્તિ ગતિ કરે છે એટલે કે ક્રિયાશીલ બને છે.
એ નાદશક્તિ જ્યોતિની સાથે સંબંધ ધરાવે છે
તથા જ્યોતિ એ ઉપયોગસ્વરૂપ છે.

'ૐ અર્હં નમઃ ।' મંત્રમાં...

'ૐ' શબ્દથી પ્રભુને સંબોધન છે,
'અર્હં' શબ્દથી પ્રભુની વિશેષતા સંબોધાય છે અને
'નમઃ' શબ્દથી નમસ્કાર કરનારનું દૈન્ય અને
નમસ્કાર્ય પરમાત્માનું કારુણ્ય અભિવ્યક્ત થાય છે.
સંબોધન, વિશેષણ અને દ્રાવણ -
આ ત્રણે મળીને મંત્ર સંપૂર્ણ બને છે, પ્રભુની સાથે
મંત્રણા - ગુહ્ય વાર્તાલાપ થાય છે અને તે દ્વારા
ધર્મ - અર્થ - કામ અને મોક્ષને આમંત્રણ અપાય છે.
આ દૃષ્ટિએ 'ૐ અર્હં નમઃ ।' એ પૂર્ણ મંત્ર છે, કેમકે
એમાં પ્રભુનું મનન અને ભક્તનું ત્રાણ થાય છે તથા
આત્મદ્રવ્યની પૂર્ણતા, આત્મગુણની એકતા અને
આત્મપર્યાયની ઉત્કૃષ્ટતાનો બોધ થવાથી
શાંતરસની પૂર્ણતા અનુભવાય છે.
શાંતરસની અભિવ્યક્તિ માટે વૈરાગ્યાદિ વિભાવ,
શમાદ્યનુભાવ અને ધૃત્યાદિ સંચારી ભાવ જરૂરી છે.

## અર્હંનું ધ્યાન ચૌદ રાજલોકમાંથી

અર્હંરૂપે જ પ્રતિધ્વનિત થઈને પાછું ફરે છે અને સ્થળ - કાળથી અબાધિત સાધકના અહંનો ભ્રમ ભાંગે છે. 'I am Universal. No, I am universe.' એવી પ્રતીતિ કરાવે છે. પછી સાધક પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવવાનો વિકલ્પ મિથ્યા માનીને, વિશ્વચૈતન્ય એવા અર્હંમાં પોતાની જાતને વિલીન કરી, સત્ - ચિત્ - આનંદમાં નિમગ્ન બને છે. નવકારનો દીર્ઘકાળનો જપ અર્હંના ધ્યાનની યોગ્યતા વિકસાવે છે. નમો અને અર્હં ધ્વનિ - પ્રતિધ્વનિરૂપ બની જાય છે. 'નમો' એ Cosmic Laboratory છે, જ્યાં અર્હંના પરમ રહસ્યો પામી શકાય છે. 'અર્હં' એ તો વિજ્ઞાનોનું પરમ વિજ્ઞાન, કળાઓની પરમ કળા અને શક્તિઓનો પરમ શક્તિસ્રોત છે. 'નમો' એ અહંને અર્હં બનાવનાર પારસમણિ છે. અર્હંનો સનાતન દિવ્ય ધ્વનિ વિશ્વમાં ચાલી રહ્યો છે, તેને ઝીલનાર નમો છે.

'શબ્દબ્રહ્મ' એટલે ઓંકારાદિ અક્ષરો.

એમાંથી ઉત્પન્ન થતો નાદ ૐકાર આદિ ધ્વનિ છે.

અર્હંકાર એની પ્રધાન અભિવ્યક્તિ છે.

ૐ અર્હં નમઃ । મંત્રમાં નમઃ વડે ફુલક થાય છે.
આ મંત્રમાં ત્રીજો મકાર છે, જે અનુનાસિક હોવાથી
પ્લુત ઉચ્ચારણ વડે નાદમાં વિલીન થાય છે.
ત્રીજા મકારના સ્થાનનું આ રહસ્ય છે.

'ૐ અર્હં નમઃ ।' મંત્રમાં...

'ૐ' એટલે દયા અર્થાત્ કરુણાશક્તિ,
'અર્હં' એટલે પ્રેમશક્તિ, 'નમઃ' એટલે ન્યાયશક્તિ.
નિર્ગુણને મેળવવા માટે આ મંત્ર છે.
આ મંત્રસાધનાની શરૂઆતમાં અહિંસા, સંતોષ, દયા,
ક્ષમા, શીલ, સત્ય, ત્યાગ, સત્સંગ, શુદ્ધિ આદિ
નૈતિક ગુણોની કેળવણી અતિ અગત્યની છે.
અધ્યાત્મતત્ત્વ લોકતત્ત્વથી ઊંચું હોવા છતાં
લોકસંગ્રહની ભાવના વિના અધ્યાત્મપ્રાપ્તિ અશક્ય છે.

## 'अर्हं'નો અજપાજાપ એટલે...
## શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિનો સર્વશ્રેષ્ઠ ઉપાય.

શ્વાસ લેતી વખતે 'अर' અને છોડતી વખતે 'हं' શબ્દ પ્રકટ થાય છે, તેથી તે અજપાજાપ બને છે.

કર્મબંધનથી મુક્ત થઈ મોક્ષપદ
જેમણે પ્રાપ્ત કર્યું છે, તેના કરતાં ઉત્તમ આદર્શ
યોગાભ્યાસી માટે બીજો કોઈ હોઈ શકે?

ચિદાનન્દ નિત કીજીયે, સમરણ શ્વાસોશ્વાસ;
વૃથા અમૂલક જાત હૈ, શ્વાસ ખબર નહીં તાસ. ...(૨)

અનંત શક્તિયુક્ત 'अर्हं' અરિહંતનો પર્યાયવાચી છે.
'अर्हं'ના ધ્યાનથી સમાધિ ઉત્પન્ન થઈ મોક્ષ મળે છે.
अर्हंનું ધ્યાન સર્વશ્રેષ્ઠ છે, તે અવ્યય - શાશ્વત પદ છે.
अर्हंના ધ્યાનથી શ્રી હ્રી ધૃતિ કીર્તિ ખેંચાઈ આવે છે,
નિર્મળ લક્ષ્મીનો વાસ થાય છે, વિઘ્નસમૂહ વિખેરાઈ
સત્સિદ્ધિઓ સાથે બાહ્યાંતર સર્વ સુખને આપે છે.
આત્મસ્વરૂપની અપૂર્વ જ્યોતિ - અદ્વિતીય પ્રકાશ મળે છે.

## અર્હંની હૃદયમાં સ્થાપના

યોગી પુરુષો ભાવથી નિરંતર તેનું ધ્યાન ધરે છે.
અર્હંને હૃદયમાં સ્થાપન કરનારને ભવનો ભય રહેતો નથી,
જેઓ રાત - દિવસ અર્હં મહામંત્રનું ધ્યાન ધરે છે,
તે મહાઆપત્તિઓને તરી જાય છે, મોક્ષરૂપી મહાનંદપદને
મેળવે છે, તેનાં સર્વ સત્કાર્યોની સિદ્ધિ થાય છે, તે
સર્વ કામનાઓ પૂરી કરી નિરાબાધ સુખને મેળવે છે.

## અર્હં પરમેષ્ઠિઓનું પ્રધાન બીજ છે.

જેનું ધ્યાન કરવાથી બીજું ધ્યાતવ્ય કાંઈ રહેતું નથી
સર્વશ્રેષ્ઠ વસ્તુઓનું ધ્યાન તે ધ્યાનમાં આવી જાય.

ધર્મ = વસ્તુસ્વભાવ, અર્થ = દ્રવ્યનું સ્વરૂપ,
કામ = ચિત્તાભિલાષ, મોક્ષ = બંધનો અભાવ - શિવગતિ,
સમાધિ = નિર્વિકલ્પતા - ચિન્મયતા.

રાગ-દ્વેષરૂપી શત્રુઓને હણી નાખીને
૪ ઘાતીકર્મ ખપાવ્યા છે અને કેવળજ્ઞાન પામ્યાં છે,
તે ભગવંત પરમાત્મા અરિહંત ૧૮ દોષરહિત છે.

ॐ = ક્ષેત્રવ્યાપી એકતા,

અર્હં = કાળવ્યાપી એકતા, નમઃ = વસ્તુવ્યાપી એકતા.

ॐ નમઃ સિદ્ધં । 3 times = 'yes'.

Three times positive statements clear the negative state of mind.

ॐ અર્હં નમઃ । ॐ નમઃ સિદ્ધં । મંત્રોનું રહસ્યભૂત તત્ત્વ પ્રતિકૂળ જણાતાં પ્રસંગોમાં પણ અનુકૂળ તત્ત્વ શોધી કાઢવાની શક્તિ તથા બુદ્ધિ પ્રદાન કરવી, એ છે.

અર્હન્ત = સ્થાપનાદિ પૂજાને યોગ્ય જે કોઈ છે, તેમાં પ્રકર્ષપણાંને પામેલા હોય તે.

'અર્હં' મંત્રાક્ષરમાં...

अकारः सर्व वर्णाग्र्यः । प्रकाशः परमः शिवः ।
हकारः अन्त्यकलारूपो विमर्शाख्यः प्रकीर्तितः ॥१॥

અર્થાત્: સર્વ વર્ણોમાં અગ્રણી એવો 'અ'કાર પ્રકાશસ્વરૂપ પરમ શિવ છે અને છેલ્લા કળારૂપ 'હ'કાર તે વિમર્શ શક્તિરૂપ છે. (૧)

૧૧ - ૫ - ૧૯૭૪, સં. ૨૦૩૦, વૈશાખ વદી ૫, શનિવાર

अर्हं માહાત્મ્ય ॐ શ્રી મુછાળા મહાવીર તીર્થ

अर्हं એ નિર્ગ્રન્થ પ્રવચન છે,
તે જ અર્થ - પરમાર્થ છે, તે શિવપદનું બીજું બધું
અનર્થ છે, હેય છે, ત્યાજ્ય છે, ઉપેક્ષણીય છે.
अर्हं એ નાદ છે, અર્થ બિન્દુ અને પરમાર્થ કળા છે.
શબ્દ વૈખરી છે, અર્થ મધ્યમા છે, પરમાર્થ પશ્યંતી છે.
શબ્દ એ પ્રવચન, અર્થ એ જ્ઞાન, પરમાર્થ એ ભાવ છે.
શબ્દથી જ્ઞાન અને જ્ઞાનથી ભાવ પ્રગટે છે.
ભાવનું સાધન જ્ઞાન છે, જ્ઞાનનું સાધન શબ્દ છે અને
શબ્દનું સાધન નિર્ગ્રન્થ પ્રવચન છે.
'ॐ अर्हं ।' શબ્દ છે, अर्हदाकार ઉપયોગ એ અર્થ છે.
ઉપયોગાકાર આત્મા એ પરમાર્થ છે અને અર્હદાકાર
ઉપયોગ બહુમાનગર્ભિત બને, ત્યારે તે ભાવ બને છે.
એ ભાવવાન આત્મા પરમાર્થરૂપ બનીને
ક્ષેમંકર અને મંગલમાલાનો હેતુ થાય છે.

'ॐ अर्हं ।' द्रव्य - पर्याय.

ॐ वडे शुद्ध आत्मद्रव्य तथा अर्हं वडे शुद्ध आत्मपर्याय.

'नाणं तिहिं गुत्तो ।' शुद्ध आत्मद्रव्यने स्वसंवेदन ज्ञान द्वारा अनुभवनार अने मैत्र्यादिना संवेदन द्वारा अतिशययुक्त 'ॐ अर्हं ।' मंत्र वडे तीर्थंकर पर्यायनो अनुभव करनार प्रथम परमेष्ठिनुं स्मरण थाय छे.

'अर्हं' पर्याय ८ प्रातिहार्य, ३४ अतिशय, ३५ वाणीगुण सहित तथा अपायापगमातिशयादि अतिशयोथी युक्त छे, तेनुं स्मरण जीवने स्नान, पान, भोजन, वस्त्र, आभरण अने द्रव्यना दृष्टांत वडे निर्मळ करे छे.

'ॐ अर्हं नमः ।' पवित्र मंत्र ३ पद - ५ वर्णनो छे, जे जीवात्मा - परमात्मानुं अद्भुत मिलन करावे छे.

गर्हा - ॐ = पापरहित परमात्मा.

अनुमोदना - अर्हं = गुणसहित परमात्मा.

शरणागति - नमः = चिदानंद निज शुद्धात्मा.

‘अर्हं’ એ નિર્ગ્રન્થ પ્રવચનરૂપી ચૌદ પૂર્વનો સાર છે,
‘અર્હદાકાર ઉપયોગ’ એ અર્થ - વિચારાત્મક વાણી છે,
‘ઉપયોગાકાર આત્મા’ એ પરમાર્થ - પશ્યંતીરૂપી વાણી છે.
‘ॐ अर्हं’ નું રટણ - મનન - ચિન્તન અને ધ્યાન
કરનારના આત્માને તે પરમાત્મસ્વરૂપ બનાવે છે.
‘ॐ’ વડે પંચ પરમેષ્ઠિ અને ‘अर्हं’ વડે પ્રથમ પરમેષ્ઠિનું
શ્રવણ - કીર્તન - સ્મરણ વગેરે થાય છે, તે દ્વારા
તેમના રૂપ અને ગુણોનું જ્ઞાન તથા ધ્યાન થાય છે,
તે અનુક્રમે રૂપસ્થ અને રૂપાતીત ધ્યાન છે.

‘अर्हं’ મંત્રની રચના બે પ્રકારે : બહિરંગ તથા અંતરંગ.

બહિરંગ અર્હં મંત્રની પાંચ સ્થિતિઓ છે :
अ + र्ह + म् + બિંદુ + નાદ = अर्हं.
અંતરંગ રચના પરમસત્તા પરમેશ્વરના અનંત ચતુષ્ટય-
જ્ઞાન, શ્રદ્ધા, શક્તિ અને આનંદનું પ્રતીક છે.
આજ્ઞાચક્ર તૃતીય નેત્ર છે, તેને ‘જ્ઞાનચક્ષુ’ પણ કહે છે.
અંતર્જગતમાં પ્રવેશ કરવાનું તે દ્વાર છે.

એકડામાં સમાઈ જવું = શૂન્યમાંથી સર્જન કરવું.

'અર્હં' એકડો છે, તેના ધ્યાન - સ્મરણમાં
જે લીન થાય અને પોતાને વિસરી જાય, તે
પુણ્યાનુબંધી પુણ્ય તથા ઉત્તમ ગુણોનો સર્જક બને છે.
'અર્હં' પદની પ્રાપ્તિ જેઓને થઈ છે, થાય છે અને થશે,
તેઓ પૂર્વના અર્હંની આરાધના વડે જ તે પદને પામી
શક્યા છે. એકડો એટલે સંઘ. સંઘ એ પૂજ્ય છે.
તેની સેવા - ભક્તિ એ સર્જક છે.
એકડા નિરપેક્ષ શૂન્યોનું જેમ કાંઈ મૂલ્ય નથી, તેમ
સંઘ નિરપેક્ષ વ્યક્તિની સાધના પણ શૂન્ય મૂલ્યવાળી છે.
બીજ પણ વૃક્ષનું સર્જન તો જ કરી શકે કે
પોતાને ભૂમિમાં વિલીન કરી દે, ગોપવી દે.

ૐ એ પરાક્રમ છે, અર્હં એ સમુત્થાન છે.

પરાક્રમથી વિભાવમાંથી મુક્ત થતાં આર્ત - રૌદ્ર છૂટે છે,
સમુત્થાન વડે ધર્મ - શુક્લ ધ્યાનમાં પ્રવેશ કરાય છે.
સમુત્થાન એ સ્વભાવરમણતાનો પ્રયત્ન છે.

જપ - વીર્ય - પરાક્રમ - સમુત્થાનમાં શું ફેર?

જપ[1] = બાહ્યશક્તિ, વીર્ય[2] = અભ્યંતરશક્તિ,
પરાક્રમ[3] = બાહ્યાંતરશક્તિનો સદુપયોગ,
સમુત્થાન[4] = સમ્યક્ પ્રયત્ન.

'અમૃતનો સ્રાવ થવો' એટલે શું?

યોગનો એક સિદ્ધાન્ત છે કે સુષુમ્ણા નાડી બ્રહ્મરન્ધ્રથી સંબદ્ધ છે. બ્રહ્મરન્ધ્રથી એક રસનો સ્રાવ થાય છે, તે સ્રાવ નીચે સુધી જાય છે.

અર્હંના દ્રુત ઉચ્ચારણથી સુષુમ્ણા દ્વારા ટપકવાવાળાં રસના નવ બિંદુઓ સ્રવિત થાય છે, મધ્યમ ઉચ્ચારણથી ૧૨ બિંદુ અને વિલંબિત ઉચ્ચારણથી ૧૬ બિંદુઓના આ સ્રાવને 'અમૃતનો સ્રાવ' કહે છે. તે સ્રાવ જેટલો અધિક, તેટલો લાભદાયી મનાય છે. 'અર્હં' એ અરિહંતનું મંત્રાત્મક શરીર છે. અર્હં આદિ મંત્રોનું ધ્યાન જ્યાં સુધી અનાહત નાદ ન પ્રગટે, ત્યાં સુધી નિત્ય, નિયમિત, ધૈર્યપૂર્વક કરતાં રહેવું.

# ત્ર્યક્ષરી મંત્ર 'ૐ અર્હં'

આર્હંત્યનો ભાવ મંત્ર - સ્વરૂપપરિણમનને વિકસાવે છે.
જગત પ્રત્યે પૂર્ણ સ્વરૂપને અને જડ માત્ર પ્રત્યે
પૂર્ણ વિરક્તિને વિકસાવનાર 'ૐ અર્હં' ત્ર્યક્ષરી મંત્ર છે.

પૂર્ણતાની દૃષ્ટિ વીતરાગભાવને વિકસાવે છે.
આ ત્ર્યક્ષરી મંત્રનું ભાવસહિત નિત્ય ધ્યાન ધરનાર
ઉત્કૃષ્ટ ધ્યાનશુદ્ધિને પામે છે અને પોતાના
આત્મામાં રહેલાં આત્યંતિક સુખનો અનુભવ કરે છે,
પરિણામે અષ્ટગુણાત્મક સિદ્ધપદની પ્રાપ્તિ કરે છે.

'ૐ અર્હં' પરમાત્માસ્વરૂપ સર્વતંત્ર સ્વતંત્ર છે.
સર્વ ઉપર જેનું તંત્ર છે અને જેના ઉપર
કોઈનું ય તંત્ર નહિ, તે સર્વતંત્ર સ્વતંત્ર ગણાય છે.
'સર્વતંત્ર સ્વતંત્ર પરબ્રહ્મ પરમાત્મને નમઃ ।' - વર્ણ ૧૮

'ૐ અર્હં' મંત્ર આત્માનું ઊર્ધ્વ - ત્રૈકાલિક અને
તિર્યક્ - સર્વવ્યાપી સ્વરૂપનું ધ્યાન કરવાનો મંત્ર
સાધકની ચેતનાને વિશાળ અને વ્યાપક બનાવે છે.

## 'अर्हं' બીજાક્ષરનું ધ્યાન શું કરે ?

તે સકલ ઋદ્ધિ, સિદ્ધિ, આરોગ્ય, સૌભાગ્ય, આનંદ, ઐશ્વર્ય, વૈભવ તથા વિજ્ઞાનની વૃદ્ધિ કરનારું છે. 'अर्हं' બીજાક્ષરને 'સર્વસાલ' કહેલ છે, તેથી તે આત્માને સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વતંત્ર સ્વતંત્ર બનાવનાર છે અને સર્વોત્કૃષ્ટ સિદ્ધિપદને પ્રાપ્ત કરાવનાર છે.

## ॐ अर्हं - બીજમંત્રોનો પદ્ધતિસર ઉચ્ચાર શું કરે ?

પ્રણવમંત્ર - ૐકારથી હૃદયક્રિયાનું નિયમન થાય છે, મગજને ચેતના મળે છે, જઠરક્રિયા ઉત્તેજિત થાય છે.

મહાપ્રાણ - 'હ'ના ઉચ્ચારથી હૃદયસ્પંદન જોરથી થાય છે, હૃદયથી આખા શરીરમાં રક્ત પહોંચાડવાની ક્રિયા અધિક રક્તપ્રસરણમાં મદદ થાય છે.

ઓષ્ઠ્ય અનુનાસિકના ઉચ્ચારણથી રક્તશુદ્ધિ માટે જરૂરી એવા નાસિકા અને શ્વાસનાલિકા શુદ્ધ થાય છે. મૂર્ધન્ય (ર)ના ઉચ્ચાર વખતે જીહ્વાનો અગ્ર ભાગ તાળુની અંદરની બાજુ સ્પર્શે છે, તેથી મગજને સ્પન્દન થાય છે.

આ 'ૐ અર્હં' જાપમંત્રને પદ્ધતિસર ઉચ્ચારવાથી
હૃદય, શ્વાસનાલિકા અને મગજ -
શરીરની મહત્વની 3 ઇંદ્રિયોની ક્રિયા ઉત્તેજીત થાય છે,
મજ્જાતંતુ, હૃદય, શ્વસનેન્દ્રિય, અન્નમાર્ગ, પચનેન્દ્રિય,
મૂત્રાશય, મળાશય વિગેરે ઉત્સર્જન કરનારી મહત્વની
ઇંદ્રિયોની ઉપર સૂક્ષ્મ આઘાત થઈને તેની ક્રિયા
સરળતાપૂર્વક ચાલવામાં મદદ થાય છે.
મંત્ર ઉચ્ચાર માટે ઉપદેશ, ઉપદેશ દ્વારા ઉપકાર,
ઉપકાર દ્વારા ઉદારતા અને તેનું ફળ ઉત્તમનો લાભ છે.
ૐ હ્રીં અર્હં નમઃ। મંત્રમાં 'નમઃ' એ ઇચ્છાયોગ,
ૐ એ શાસ્ત્રયોગ, હ્રીં એ સામર્થ્યયોગ તથા
અર્હં એ કૈવલ્ય સ્વરૂપ છે.
ૐ = પ્રભુનું નામ, જે વડે આગળ વસ્તુનું જ્ઞાન થાય.
અર્હં = પ્રભુનું રૂપ, જે વડે આગત વસ્તુનું ધ્યાન થાય.
જ્ઞાનનું સાધન મન છે અને ધ્યાનનું સાધન બુદ્ધિ છે.
જ્ઞાનનું સાધન છે શુદ્ધ આત્માનું નામ.

## નાદમાં વ્યાપ્ત ૐ અને અર્હં

અવ્યક્ત ધ્વનિરૂપ નાદનું સ્થાન નાભિકમળ છે.
વ્યાકરણ મુજબ 'નાદ'નો અર્થ ધ્વનિ,
તંત્ર મુજબ વર્ણોનું અવ્યક્ત મૂળ અને
દર્શનશાસ્ત્ર મુજબ અનાહત નાદ, જે સાધનાની
ઉચ્ચ અવસ્થામાં કર્ણના વિવરોમાં નિનાદિત થાય છે.
સ્વરોની વ્યાપ્તિ સંસારની સર્વ ભાષાઓમાં છે.
સૂક્ષ્મ રૂપથી આ નાદ સંસારની સર્વ વસ્તુઓનું મૂળ
'ૐ' અને 'અર્હં'માં વ્યાપ્ત છે તથા
સ્થૂલ રૂપથી સંસારની સર્વ ધ્વનિઓમાં વ્યાપ્ત છે.
અવ્યક્ત નાદ જ્યારે અભિવ્યક્ત થવા માંગે છે, ત્યારે
તે હૃદય સુધી આવે છે અને બધા વિઘ્નોને પાર કરી
કંઠ સુધી બિંદુથી ઘોષ પ્રાપ્ત કરી, મુખ સુધી કલાથી
વ્યક્ત થાય છે, તે વૈખરીરૂપ - વર્ણરૂપ બને છે.
કંઠ સેતુરૂપ છે, ત્યાં અર્હં મંત્રરૂપ બને છે અને તે
તેના ઉચ્ચારણ દ્વારા સુંદર સૃષ્ટિનું નિર્માણ કરે છે.

'અર્હં' એ પરારૂપ અવ્યક્ત નાદનું પ્રતીક છે.

નાદ - બિંદુ - કલાને અમાત્ર, અર્ધમાત્ર, ત્રિમાત્ર પણ કહે છે.
નાદ એ અમાત્ર છે, બિંદુ એ અર્ધમાત્ર સેતુ છે અને
કલા એ ત્રિમાત્ર પ્રકૃતિ ત્રિગુણાત્મક સંસારરૂપ છે.
પ્રણવાક્ષરરૂપે નાદ - બિંદુ - કલા ઓંકારમય છે અને

આકૃતિરૂપે ૐ ગણેશરૂપ મંગળમય છે અને

સ્વસ્તિક રૂપ 卐 પણ બને છે.

નાદ - બિંદુ - કલાસ્વરૂપ ૐકારમાં
'અ'થી અરિહંત - સિદ્ધ, 'ઉ'થી આચાર્ય - ઉપાધ્યાય અને
'મ'થી મુનિ અનુક્રમે નાદ - બિંદુ - કલારૂપ છે.

નવકારનો સાર 'ૐ', અવ્યયરૂપ 'નમો' અને 'સિદ્ધં'
મળીને પંચાક્ષર પંચમંગલ બને છે, તેનો સાર અર્હં છે.

'અર્હં'માં વર્ણમાતૃકા સમાઈ ગયેલા છે અને તે સ્વર
રેખારૂપ નાદ, વર્ણરેખારૂપ બિંદુ અને કલાથી બનેલા છે.
સ્વરો નાદરૂપ છે તથા વ્યંજનો બિંદુરૂપ છે.
એ બે મળીને બનતાં વર્ણો કલારૂપ છે.

જપસૂત્રમ્ શ્લો-૭૮માં કહ્યું છે કે:

स्फुरते प्रस्फुरते येन, तेजो भुवननाभिषु ।
सवितेति च तं विद्धि, पूषेति भर्गरूपिणम् ॥ અર્થાત્:
નિખિલ ભુવનની નાભિમાં જે તેજશક્તિ રહેલી છે,
તે તેજશક્તિને જે ઉત્પન્ન કરીને પ્રસ્ફુટ કરે છે,
તે સાક્ષાત્ ભર્ગરૂપી દેવતાને
સવિતા - પૂષા કે સૂર્ય તરીકે ગ્રહણ કરો.

'બિંદુ' એ સૂર્યના કિરણો છે, જેના માધ્યમથી તે
સકલ કલાઓ (પદાર્થો)નો લય અને ઉદય કરે છે.
એ રીતે આ નાદ ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યરૂપ પણ છે,
તેથી નાદ એ જ સાધકનું પરમ ધ્યેય બનવું જોઈએ.

કલારૂપ શરીરની શક્તિના અનુસારે સાધક
બિન્દુરૂપ શૂન્યમાં ધ્યાનને સ્થિર કરી નાદરૂપ
'ૐ अर्हं'માં રહેલી પરા માતૃકાનું ધ્યાન કરવું જોઈએ.

ધ્યાનની ઉચ્ચ અવસ્થામાં આ નાદ - અનાહત
ધ્વનિનું જ અનુગુંજન કરે છે અને એ જ તત્ત્વ છે.

अर्हं શબ્દબ્રહ્મ હોવાથી સમગ્ર શ્રુતજ્ઞાનનું બીજ છે.

સકલાર્હત્ | કલાસહિત अ, र, ह જેમાં પ્રતિષ્ઠિત છે,
અથવા अर्हंમાં 'अ' થી 'ह' પર્યંતના સર્વ અક્ષરોનો
સમાવેશ થતો હોવાથી તે શ્રુતજ્ઞાનનું બીજ છે.

ત્રૈલોક્યબીજ = अर्हंમાં રહેલા વર્ણોની રચના અનુક્રમે
अ, र, ह કલા, બિન્દુસ્વરૂપ છે અને
સર્વ શાસ્ત્ર અને સર્વ લોકમાં તેની વ્યાપકતા છે.
अर्हंના અક્ષરોની સર્વ જગો અને
સર્વ શબ્દોમાં વ્યાપકતા સિદ્ધ થાય છે,
તેથી તે 'ત્રૈલોક્યબીજ' પણ કહેવાય છે.

'अर्हं'ના આલંબનથી આત્મા સ્વરૂપાલંબી બને છે.

ત્રૈકાલિક અસ્તિત્વ નિર્ભયતાને આપે છે અને
વિશ્વ કે સર્વવ્યાપી અસ્તિત્વ નિશ્ચિંતતાને આપે છે.
'ॐ अर्हं' મંત્ર કાલાત્મક હોવાથી લોકાત્મક છે અને
ક્ષેત્રાત્મક હોવાથી ત્રિકાલાત્મક છે, તેથી આ મંત્ર અને
તેની આરાધના નિર્ભયતા - નિશ્ચિંતતાને આપનાર છે.

'अर्हं'ના ધ્યાનમાં કુંડલિનીયોગ, નાદયોગ, બિંદુયોગ અને
લયયોગાદિ સર્વ યોગોનો સમાવેશ થયો છે.

ॐ अर्हं नमः। મંત્રમાં अर्हंનો अ = અવ્યક્ત નાદરૂપ,
र् = આંતરિક બિંદુરૂપ અને ह् = પ્રકટ કલારૂપ છે.

નવકારનો સાર = 'ॐ नमः सिद्धं।' તથા
'ॐ नमः सिद्धं।'નો સાર = 'अर्हं'.

મંત્ર એ તત્ત્વથી નાદરૂપ છે. अर्हं આદિ મંત્રો અંતે
નાદસ્વરૂપ પરિણામી પરમાનંદનો અનુભવ કરાવે છે.

अर्हं મંત્રજાપમાં તન્મયતા સિદ્ધ થતાં અનક્ષર એવો
અનાહત નાદ જન્મે, તે શબ્દબ્રહ્મરૂપે અરિહંતસ્વરૂપ છે.

अर्हंમાં अ र् ह् ત્રણે કલા, બિન્દુ સર્વ શાસ્ત્રો અને
સર્વ લોકમાં વ્યાપેલા છે, તેથી તે ત્રૈલોક્યભવન છે.

अर्हं અક્ષરમાં અનાદિસિદ્ધ માતૃકા રહેલી છે.

સકલ આગમોના રહસ્યભૂત પદ अर्हं છે.

अर्हंનો જાપ ચાહે શાબ્દ હો, ઉપાંશુ હો, માનસ હો યા
અજપાજાપ હો, તે પોતાનું ઇષ્ટ કાર્ય કરે જ છે.

શબ્દબ્રહ્મ = શ્રુતજ્ઞાન, તેનો સાર અર્હં પદ છે.

'અર્હં' અક્ષરનો ઉપયોગ તે શબ્દબ્રહ્મ છે.

## અર્હંના ત્રણ અક્ષરનું રહસ્ય

અ = સુષુપ્તિ, ર્ = સ્વપ્ન, હ્ = જાગ્રત અવસ્થા.

| | | | | |
|---|---|---|---|---|
| અ = અમૃત | સમ્યગ્દર્શન | નાદ | સત | અમાત્ર |
| ર્ = અગ્નિ | સમ્યગ્જ્ઞાન | બિંદુ | ચિત | અર્ધમાત્ર |
| હ્ = આકાશ | સમ્યક્ચારિત્ર | કલા | આનંદ | ત્રિમાત્ર. |

બિન્દુ = કલા - સમ્યક્તપ, અનાહત - અપ્રમત્ત.

અર્હં એ પરમેષ્ઠિવાચક છે. અર્હં એ અક્ષરબ્રહ્મ છે.

અક્ષર = અવિનાશી. બ્રહ્મ = કેવળજ્ઞાન કે મોક્ષસ્વરૂપ.

સકલ અરિહંતો વાચ્યરૂપે જેમાં રહેલાં છે, તે શિવલક્ષ્મીનું તથા મોક્ષ - રૂપલબ્ધિસિદ્ધિ આદિ મહાસિદ્ધિઓનું કારણ છે.

શિવ એટલે કલ્યાણ, મંગળ, સુખ વગેરેનું કારણ છે.

કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી કે ધન-સંપત્તિરૂપ લક્ષ્મીનું કારણ છે,

અ ર્ હ્ પ્રણવના અક્ષરો જેમાં રહેલાં હોવાથી

સમગ્ર શ્રુતજ્ઞાનનું મૂળ કારણ છે.

## <u>અર્હં અક્ષરમાં અકારનું માહાત્મ્ય</u>

આનંદપ્રદ અકાર એ સર્વ સ્વરોમાં અગ્ર સ્થાને છે, <u>'અ'કાર</u> એ સર્વ જીવોના કંઠને આશ્રયીને રહેલું સૌ પ્રથમ તત્ત્વ છે. સર્વ વર્ણો અને શબ્દોમાં વ્યાપ્ત છે. સર્વ વ્યંજનોના ઉચ્ચારણમાં તેનો પ્રયોગ થાય છે, સર્વ વિદ્યાઓ - મંત્રોમાં વ્યાપીને રહેલ છે, સર્વ મનુષ્યો, દેવો, દાનવો, પર્વતો, વનો, ઉદ્યાનો અને દેવાધિદેવોના નામમાં આકાશની જેમ વ્યાપેલું છે. અકાર એ સર્વગત, સર્વ સ્વરૂપ, સર્વવ્યાપી, સનાતન અને સર્વ જીવવ્યાપી છે,

## <u>અર્હં અક્ષરમાં રકારનું માહાત્મ્ય</u>

રકાર એ સર્વ જીવોના મસ્તક સ્થાને બ્રહ્મરંધ્રમાં છે. તે રત્નત્રયી, તત્ત્વત્રયી અને પુરુષાર્થત્રયીને આપનારું છે અને સર્વ તત્ત્વજ્ઞાનીઓને પૂજવા યોગ્ય છે.

<u>'ર'કાર</u> એ અગ્નિબીજ અને સર્વ જીવોના મસ્તક સ્થાને રહેલું છે, તે શુભ, પવિત્ર અને મંગળરૂપ છે. તેનું ધ્યાન ધ્યાતાને ત્રિવર્ગરૂપી ફળ આપી શકે છે.

## અર્હં અક્ષરમાં હકારનું માહાત્મ્ય

હ તત્ત્વ એ સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલું છે,
મહાપ્રાણ તરીકે પ્રસિદ્ધ છે, પરમાત્માના નામને અંતે છે,
'હ'કાર એ સૌ વર્ણોનો અંત છે,
તેના ધ્યાનથી સકલ કાર્યની સિદ્ધિ થાય છે.

## અર્હં અક્ષરમાં બિન્દુનું માહાત્મ્ય

બિન્દુ એ સર્વ પ્રાણીઓના નાસાગ્ર ઉપર રહેલું છે.
જળબિન્દુની જેમ તે ગોળ વર્તુળાકાર છે. યોગીપુરુષો
વડે તે ચિંતન કરવા યોગ્ય છે, સર્વ જીવોને મોક્ષદા છે.
અકારાદિ ત્રણ અક્ષરો અને બિંદુ મળીને
જે ઈશનું નામ બને છે, તે 'અર્હં' સ્વરૂપ તત્ત્વ છે.
તે કુંડલિની યોગ, નાદયોગ, બિન્દુયોગ તથા
લયયોગ વગેરે સર્વ યોગોનો મૂળ આધાર છે.
અર્હં મંત્રના ધ્યાનમાં બધા યોગોની સાધના રહેલી છે.
સર્વ જીવોમાં શ્રુતજ્ઞાનનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો
છે, તેથી અર્હં મંત્ર સર્વ જીવોમાં વ્યાપીને રહેલો છે.

ૐ = ઉદ્યોગ, અર્હં = ઉપગ્રહ.

પ્રભુનામ એમ જિનેશ્વરસ્વરૂપ છે, તેમ અર્હં પણ
આગમ - જિનવાણી રૂપ હોવાથી જિનેશ્વરસ્વરૂપ છે.

ૐ મંત્રમાં મનની એકાગ્ર વૃત્તિ તે પિતાની જેમ પાલક
અને અર્હં મંત્રમાં ચિત્તનો સતત ઉદ્યોગ
તે માતાની જેમ વાત્સલ્યદાયક થાય છે. તે જ કારણે
'ૐ અર્હં નમઃ ।' એ આત્મરક્ષક હોવા ઉપરાંત
પાલક, પોષક અને શાંતિ - તુષ્ટિ - પુષ્ટિદાયક છે.

'અહં' = મનોમલનું પ્રતીક, અર્હં = મનોમલનું વિશોધક.
અહં = શરીરસંસ્થાની, અર્હં = આત્મસંસ્થાની.
અહં = વ્યષ્ટિ, અર્હં = સમષ્ટિ. અહં = જીવ, અર્હં = શિવ.
અર્હંમાં હ = પુરુષ, અ = પ્રકૃતિ, ર્ = અગ્નિબીજ દ્વારા
પુરુષ અને પ્રકૃતિનો ભેદ મટી જાય છે.
અ = પૂરક, હ્ = રેચક, ર્ = કુંભક.
અ = ઉત્પાદ, ર્ = વ્યય અને હ્ = ધ્રૌવ્ય.
'સિદ્ધ' શબ્દ એ અર્હંનું વાચક છે.

મહામંત્રોમાં સર્જનશક્તિ હોય છે.
પુરુષ - પ્રકૃતિના સંયોગ વિના સર્જન શક્ય નથી.
ચતુર્થમાત્રાનું પરારૂપ અર્ધ છે.
અર્ધમાત્ર નાદ નાભિકમળમાં અવ્યક્ત રૂપથી વિદ્યમાન છે.
એ પ્રકારે નાદ, બિંદુ, કળા પ્રણવાકાર - ઓંકારમય છે.
પ્રકૃતિ = નિષ્કલ પરાવાક્રૂપ પ્રણવાત્મક કુંડલિની શક્તિ.
ઉચ્ચારણ થવા પૂર્વે આ નાદ પર પ્રણવરૂપથી
નાભિમંડળમાં વ્યાપ્ત રહે છે.
જ્યારે તે નાદ જાગ્રત થાય છે,
ત્યારે ભ્રમરની સમાન ગુંજન કરતો હૃદયકમળમાં
વ્યંજનોની સાથે મળીને કંઠમાર્ગમાં આવીને
નિશ્ચિત સ્વરૂપ - આકૃતિને ગ્રહણ કરી
મુખકમળથી સ્થૂળરૂપમાં પ્રવેશે છે.
આમ આ નાદચૈતન્ય નાભિપ્રદેશમાં સુષુપ્ત રૂપે,
કંઠપ્રદેશમાં બિન્દુરૂપે સ્પન્દવત્ આચરણ કરે છે
અને મુખસ્થાનમાં જાગ્રત થઈને શબ્દોચ્ચારણ કરે છે.

ૐકારમાં ગુણનો પ્રકર્ષ છે, અર્હંકારમાં ગુણીનો પ્રકર્ષ છે.
એ બે જેને મળ્યાં, તેનાં સુખની કોઈ અવધિ નથી.

'ૐ અર્હં' મંત્રમાં નાદનું મૂળ નામ ૐકાર છે અને
જ્યોતિનું મૂળ રૂપ તે અર્હંકાર છે.

ૐ એ પ્રમોદસૂચક છે, અર્હં એ કારુણ્યસૂચક છે.
પ્રમોદભાવથી વિષયવૃત્તિ - કારુણ્યથી કષાયવૃત્તિ જાય.

ઓંકારમાં ધ્વન્યાત્મક આત્મશુદ્ધિ છે
અને Sound vibration છે અને
અર્હંકારમાં mental purification - ચિત્તશુદ્ધિ છે.

ઓંકાર યોગાત્મક છે - અર્હંકાર ઉપયોગાત્મક છે.
ૐકાર સૂર્યના સ્થાને - અર્હંકાર એ ચંદ્રના સ્થાને છે.
ૐકાર = સિદ્ધનું પ્રતીક. 'ૐ અર્હં નમઃ।' સંપૂર્ણ મંત્રમાં
સાધ્ય, સાધન અને સાધક - એ ત્રણેનો સમુચ્ચય છે.
ૐ મંત્ર વડે પૂર્ણતાનું અનુસંધાન થાય છે અને
અર્હં મંત્ર વડે શૂન્યતાનું અનુસંધાન થાય છે.
શૂન્યતામાંથી મધુરતા - તેમાંથી મધ્યસ્થતા સહેજે જાગે છે.

## સકલ સિદ્ધિનું બીજ છે 'अर्हं'

'अर्हं' બીજમાં अ થી ह પર્યન્ત વર્ણમાળા ઉપરાંત મધ્ય રેફ વડે રત્નત્રય, કળા દ્વારા ચૈતન્યશક્તિ અને બિંદુ વડે કેન્દ્રમાં રહેલ ચિન્મયતત્ત્વનું ધ્યાન થાય છે. તે ધ્યાન નિર્વિકલ્પ - ચિન્માત્ર સમાધિમાં પરિણમીને સકલ સિદ્ધિનું બીજ બને છે તથા પરમાત્મશક્તિ રત્નત્રય રૂપે પ્રકટ થઈ સમગ્ર વર્ણમાળા અને તે દ્વારા સમગ્ર વિશ્વના આવિર્ભાવમાં કારણ બનીને સૃષ્ટિ + સંહાર ક્રમે ધ્યાનનું પરમ આલંબન બને છે.

'ॐ अर्हं મહાવીરાય નમઃ ।' મહાવીરરૂપ થઈને મહાવીરને ભજવાથી મહાવીર થવાય છે.

અશુભમાંથી શુભમાં આવવા માટે તથા શુદ્ધાત્મરૂપ મહાવીર થવા માટે વ્યવહાર અને નિશ્ચયનયથી આત્મમહાવીરના સ્વરૂપને જાણવું, ધ્યાવવું અને પામવું. ઇત્યેવં ॐ अर्हं મહાવીરં । પંચ પરમેષ્ઠિરૂપ મહાવીરોને આત્મરૂપ મહાવીરમાં એકધ્યાને પરિણમાવો.

## અર્હં મંત્ર શેનો શેનો ઉત્પાદક છે?

(બુદ્ધ) અર્હંમાં દ્વાદશાંગના સારરૂપે બુદ્ધ્યોત્પાદકતા છે,
(ધર્મ) અર્હંમાં દ્વાદશાંગના સંક્ષેપરૂપે ધર્મોત્પાદકતા છે,
(તીર્થ) અર્હંમાં દ્વાદશાંગના મૂળરૂપે તીર્થોત્પાદકતા છે તથા
(મોક્ષ) અર્હંમાં દ્વાદશાંગના ફળરૂપે મોક્ષોત્પાદકતા છે.

અર્હંનું ધ્યાન અનુક્રમે વર્ણમાળા, મૈત્ર્યાદિ ભાવો,
ક્ષાન્ત્યાદિ ધર્મો અને કૈવલ્યાદિ અવસ્થાઓનું ધ્યાન છે.

અર્હં એ એક સાથે જ મંત્ર, અરિહંત,
આત્મા અને પરમાત્માનું ધ્યાન કરાવે છે,
તેથી તે અક્ષર છે, પરબ્રહ્મ છે અને મંત્રરાજ છે.

ૐ = ઉત્પાદક - Creator God.
અર્હં = નિમિત્ત - Protector God.

એક યોગવ્યાપાર છે, બીજો ઉપયોગવ્યાપાર છે.

અર્હં ઇત્યક્ષરબ્રહ્મ મંત્રતનુઃ જિનપતિઃ સાક્ષાત્ ।

અર્થાત્: 'અર્હં' - આ જે અક્ષરરૂપી
મંત્રદેહધારી સાક્ષાત્ જિનેશ્વર ભગવંત છે.

अर्हं मंत्र वर्णात्मक છે, માટે શબ્દરૂપ છે.
વર્ણ વાચકતારૂપે વાચ્યની સાથે સંબંધ ધરાવે છે,
માટે અર્થરૂપ છે અને જ્ઞાનરૂપ છે.
अर्हं मंत्र વર્ણરૂપે જ્ઞાનજનની, અર્થરૂપે પુણ્યજનની,
જ્ઞાનરૂપે ધ્યાનની જનની અને મોક્ષજનની પણ છે.

(૧) ॐ अर्हं - અહિંસા[૧], સંવર[૧], ઉપયોગ,
ઉપગ્રહ, નિર્મમતા[૧], સાધન[૧], સમ્યગ્દર્શન[૧].

(૨) ॐ अर्हं - સંયમ[૨], સંતોષ[૨], સ્થિરતા[૨],
ગુણપર્યાયની એકતા, સાધન[૨], સમ્યગ્જ્ઞાન[૨].

(3) ॐ अर्हं - તપ[3], અભેદ[3], તન્મયતા[3], સાધન[3], સમ્યક્ચારિત્ર[3].

ॐ अर्हं = લોકાલોક વિજ્ઞાન.
ॐ अर्हं = એકાનેક વિજ્ઞાન.
ॐ अर्हं = પંચકૃત્યકારી શૈવ ધર્મ.

ઈતરો પંચકૃત્ય કરવા સમર્થ સ્વતંત્ર ઈશ્વરતત્ત્વમાં માને છે, તેના ભાવમય શરણાગમનને 'પ્રપત્તિ' કહે છે.
પંચકૃત્ય = સર્જન, પાલન, સંહાર, નિગ્રહ તથા અનુગ્રહ.

(૫૨) અક્ષર એ દ્વાદશાંગનો સંગ્રહ છે - વૈખરી રૂપે
વર્ણમાતૃકા એ સંગ્રહરૂપ છે - અર્હં એ વર્ણજ્ઞાન છે.
(૫૮) અક્ષર એ દ્વાદશાંગનો સાર છે - મધ્યમા રૂપે
નમસ્કારમાતૃકા સારરૂપ છે - અર્હં એ પુદ્ગલજ્ઞાન છે.
(૮૬) અક્ષર એ દ્વાદશાંગનો સંક્ષેપ છે - પશ્યંતી રૂપે
સામાયિક સૂત્ર સંક્ષેપરૂપ છે - અર્હં એ ધર્મજ્ઞાન છે.
(૨૫૬) અક્ષર એ દ્વાદશાંગનું મૂળ છે - પરાવાણી રૂપે
ચતુર્વિંશતિસ્તવ મૂળરૂપ છે - અર્હં એ ધ્યાનજ્ઞાન છે.

Imp

ૐ અર્હં = હું આત્મા.

અર્હં = વર્ણમાતૃકા. અર્હં = પુદ્ગલમાતૃકા.

अर्हं = प्रवचनमातृका. अर्हं = त्रिपदीमातृका.

अर्हं - आत्मानम्, ॐ - अग्निरूढं, ह्रीं - मायामृतप्लुतं ।
सुधां कुम्भस्थं शांतिकार्याणि ध्यायेत् ॥

'ઋષિમંડલ'માં પણ આવે છે કે :

अर्हमित्यक्षरं ब्रह्मवाचकं परमेष्ठिनः ।
सिद्धचक्रस्य सद्बीजं सर्वतः प्रणिदध्महे ॥ १ ॥

ૐ = નાદશક્તિ - God the creator.

અર્હં = જ્યોતિ - God the protector.

ન્યાયી ઈશ્વરને યાદ કરવાનો મંત્ર ૐકાર છે,
દયાળુ ઈશ્વરને યાદ કરવાનો મંત્ર અર્હંકાર છે.

રક્ષણદાતાર અર્હં મંત્ર વિશ્વહિતનો ભાવ પેદા કરી, ષડ્જીવનિકાયના રક્ષણની નિર્મળ મતિ પેદા કરીને આત્માને પંચમગતિની પ્રાપ્તિ કરાવનાર થાય છે.

ૐ સ્વીકરણે રક્ષણે ચ । અર્હ પૂજાયાં સત્કરણે ચ ।

ૐકાર વડે પુદ્ગલનો રાગ ટળી ચૈતન્યબહુમાન અને અર્હંકાર વડે વિશુદ્ધચૈતન્યની સાથે તન્મયભાવ થાય છે.

ૐ = અહિંસામંત્ર. અર્હં = સંયમ અને તપનો મંત્ર.

ૐ વડે જીવોને અભયદાન મળે છે તથા
અર્હં વડે જીવોને પરમપદની પ્રાપ્તિ થાય છે.

'ૐ અર્હં' = ઉત્તમોત્તમ મંત્ર.

'ૐ અર્હં' મંત્રની અર્થભાવના દર્શાવે છે:
કર્મની ગૌણતા અને આત્માની મુખ્યતા.

<u>ॐ અર્હં નમઃ। મંત્ર શું આપે?</u>

ॐ = સ્વપ્રકાશક પ્રધાનતા - વૈરાગ્ય - શુદ્ધિ.
અર્હં = પરપ્રકાશક પ્રધાનતા - મૈત્રી - પુષ્ટિ.
નમઃ = નમ્રતા - એકતા - તન્મયતા - તુષ્ટિ.

<u>'ॐ અર્હં નમઃ।'માં 'અર્હં' એટલે યોગ્ય - લાયક.</u>

જેઓ પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત થયેલાં છે,
તે સર્વે અર્હન્ત છે, તેને નમસ્કાર કરું છું.
'અર્હં' એટલે જેઓ સંપૂર્ણ રીતે લાયક છે,
જેનાથી આગળ લાયકાત જેવું કાંઈ છે જ નહીં,
તેવું આત્માનું શુદ્ધ સ્વરૂપ, તેને નમું છું.
અર્હંની આરાધના માટે પ્રથમ અંતર્મુખ થવું જોઈએ.
આત્માનું શુદ્ધ સહજાનંદ સ્વરૂપ પામવા માટે અહંનો ત્યાગ કરી અંતર્મુખ બની ધ્યાનયોગ સિદ્ધ કરવો જોઈએ, તદુપરાંત અહંમાંથી અર્હંમાં અને સ્વાર્થમાંથી સર્વાર્થમાં જવાની પ્રક્રિયા સાધવી જોઈએ.
'અર્હં' પદ દ્વાદશાંગનો સાર, સંક્ષેપ, મૂળ અને ફળ છે.

## 'ૐ અર્હં નમઃ ।' મંત્રમાં...

(૧) ૐ = Cosmic Kingdom.

(૨) અર્હં = Cosmic Ruler.

(૩) નમઃ = Cosmic Secret.

(૧) નમો = Art of life (૫૮).

(૨) અર્હં = Science of life (૮૫).

(૧) નમો = સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન.

(૨) અર્હં = સમ્યક્ચારિત્ર - સમ્યક્તપ.

નમો = Art of life & Key to Cosmic Secret.

અર્હં = Science of life, Cosmic Secret itself.

Without Him (સાકાર),

I (શુદ્ધોપયોગ) remain unmanifest.

Without me, He excists not.

નમસ્કારનો પ્રત્યેક સાકાર એ મારી સાધના જ છે.

આ સાધના સાકાર વિશિષ્ટ માત્રાઓપાયનો સ્વીકાર છે.

એવું 'અર્હં' મંત્રમાં શું છે સમાયું ?

સંઘ ભગવાન, મોક્ષ મહોદય, તપ - ત્યાગ - ચારિત્ર,
ઋદ્ધિ, સિદ્ધિ, વૈભવ, ઠકુરાઈ, સર્વકલ્યાણ,
સર્વમંગળ, સર્વસુખ, સર્વહિત, સર્વઆનંદ,
પુણ્યપ્રકર્ષ, ગુણપ્રકર્ષ, વરબોધિ, વરસમાધિ, વરસિદ્ધિ,
પરાર્થવ્યસની, ઉપસર્જન સ્વાર્થ, દેવ - ગુરુ બહુમાની,
કૃતજ્ઞતા પતિ, રત્નત્રય યુક્ત, પરમેશ્વર પરમાત્મા,
પરમર્ષિ, અરિહંત, મંગળ, ઉત્તમ શરણા સમાયા છે.
રાગ રોગજનક, દ્વેષ અભાવ - અબોધિજનક અને મોહ
અસમાધિજનક છે. એહીનો નાશ 'ૐ અર્હં નમઃ'થી છે.

ૐ સંબોધન = ઉર્ધ્વતાસામાન્ય, આર્તધ્યાન પરિહાર.
અર્હં વિશેષણ = તિર્યક્સામાન્ય, રૌદ્રધ્યાન પરિહાર.
નમઃ દ્રાવણ = ધર્મ - શુક્લધ્યાન, પૂર્ણ મંત્ર પંચાક્ષરી.

'ૐ અર્હં' અક્ષરી પૂર્ણ મંત્રનું
મનમાં ધ્યાન કરવાથી આત્માની પરમ શુદ્ધિ અને
અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થાય છે.

'ૐ અર્હં!' હું એટલે આત્મા. 'હું' આત્માનો પોકાર છે.
'ૐ અર્હં નમઃ!' મંત્રનો ઓછામાં ઓછી ૧૦ હજાર વાર
નિરંતર જાપ કરવો, જેથી સદા લાભ દેખ જ્ઞેય :
જેમણે સંપૂર્ણ રીતે ત્યાગ છે નથી,
જેનાથી અજાણ ત્યાગતા એવું કાંઈ છે જ નહીં,
તેવું આત્માનું શુદ્ધ સ્વરૂપ, તેને નમસ્કાર કરું છું.
અથવા જેમણે પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત થયેલાં છે,
તે સર્વે અર્હં છે, તેને નમસ્કાર કરું છું.
પરિણામની વિશુદ્ધિ માટે મંત્રજાપ છે.
જાપને સ્વાધ્યાય - આત્મસ્વરૂપનો અધ્યાય અથવા
અધ્યયન, શ્રવણ, મનન યા નિદિધ્યાસન કહેવાય છે.
અર્હ = લાયક. અર્હં = પરમાત્મસ્વરૂપનો બોધક.
ૐ મંત્રનું ધ્યાન તીર્થંકર બની વિશ્વતૃષા છીપાવે છે,
અર્હંનું ધ્યાન ધર્મપરમાત્મા બની કષાયરૂપાને શમાવે છે.
જળ એ તૃષાહર, દાહહર અને પંકહર છે.
લક્ષ્મ એ શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિકર છે.

'સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ'

આ મંત્રના સ્મરણથી શાંત થવાય છે, કેમકે
'સહજાત્મ સ્વરૂપ' એ સિદ્ધસ્વરૂપનું અને 'પરમ ગુરુ'
એ અરિહંત પરમાત્માનું સ્મરણ કરાવે છે.
બન્ને મળીને એક જ મંત્ર ત્રણ અક્ષરનો થાય છે,
તેનું નામ 'ૐ અર્હં ।' છે.

'ૐ અર્હં નમઃ ।' પંચાક્ષરી મંત્ર છે.

તે અનુક્રમે રાગ, દ્વેષ અને મોહને નિર્મૂળ કરે છે.

સંસારવૃક્ષના ત્રણ મૂળ

સંસારના સર્વ પુદ્ગલો પ્રત્યે રાગ,
જીવો પ્રત્યે દ્વેષ અને પરમ તત્ત્વ પ્રત્યે માધ્યસ્થ્ય.

'ૐ અર્હં નમઃ ।' કઈ રીતે ત્રિદોષશામક ?

સંસારવૃક્ષને મૂળમાંથી ઉખેડવાર્થે જ આત્મવાચક ૐ,
અર્હં પદ પરમાત્મવાચક અને તે બન્ને પ્રત્યે
વિનય - બહુમાન - આદરવાચક એવું નમઃ પદ છે.
તે ત્રણ પદો મળીને ત્રિદોષશામક મહામંત્ર બને છે.

# देवी शारदा स्तुति

नमस्ते शारदे देवी वीणापुस्तकधारिणी ।
विद्यारम्भं करिष्यामि प्रसन्ना भव सर्वदा ॥

✲

ध्यानानुस्मृतिमन्तरं सज्ज्ञानश्रित्त चक्षुः-,
क्षेपाद्दिव्यांजनमनुस्मरन् लब्धासूक्ष्मावलोकः ।
सद्यः परिस्फुरत्ममलमतिहृन् मेदिनीमध्यमग्नं
गंभीरार्थं प्रवचननिधिं भारतीं त्वां स्तवीमि ॥

✲

ॐ ह्रीं वद वद वाग्वादिनि भगवती सरस्वती श्रुतदेवी
मम जाड्यं हर हर श्री भगवती ठः ठः स्वाहा ।

✲

'ॐ ह्रीं श्रीं ऐं वाग्वादिनी भगवती सरस्वती
अर्हन्मुख निवासिनी
ममास्ये प्रकाशं कुरु कुरु स्वाहा ऐं नमः ।'

✲ 'ॐ ऐं ह्रीं श्रीं सरस्वती देव्यै नमः ।'

सरस्वती महाभागे, वरदे कामरूपिणी
विश्व रूपे विशालाक्षि, विद्यादे परमेश्वरी ॥

❖

सरसशान्ति-सुधारस-सागरां,
विरस-शोकहरां नद नागराम् ।
परम-ज्ञानकरां च विशारदां,
भगवतीं भज मानस पारगाम् ॥

❖


सरस्वतीं च तां नौमि वागधिष्ठातृदेवताम् ।
देवत्वं प्रतिपद्यन्ते यदनुग्रहतो जनाः ॥


❖

विहरन्ती मनोराज्ये, तिष्ठन्ती कमलासने ।
वल्लकीं वादयन्ती च, ज्ञानं वितर शारदे ॥

❖

श्वेत वस्त्र में शारदे, दमके उनका रूप,
वीणा धारण हस्त में, दिखते दिव्य स्वरूप ।


શ્રી સિદ્ધચક્ર મહાયંત્ર




વાયુતત્ત્વનો રંગ લીલો છે, તેનો બીજમંત્ર યં છે,
તેના નિર્મળ દ્યાનથી પક્ષીની જેમ આકાશમાં ઊડી શકાય છે.

www.fiestadesigns.in